


# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૩૧ તા.૧૮.૦૮.૨૦૨૪, રવિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 31 Dt. 18-08-2024, Sunday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે

# હિમાચલમાં ફરી આફત ! વૈષ્ણોદેવીમાં ભૂસ્ખલનથી શ્રદ્ધાળુઓ અટવાયા

**હિમાચલ પ્રદેશમા ફરી ભારે વરસાદ અને ત્યાર બાદ ભુસ્ખલનથી મુશ્કેલી સર્જાઇ છે. હિમાચલ પ્રદેશના રામપુરમાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટ્યું હતું. જેને કારણે ભારે તારાજી સર્જાઇ હતી તો બીજી તરફ વૈષ્ણો દેવી ભવન ખાતે બે જગ્યાએ ભૂસ્ખલન થયું હતું જેને કારણે યાત્રા અટવાઇ હતી અને શ્રદ્ધાળુઓ પણ હજી હવામાન વિભાગે ૨૧ રાજ્યોમાં વરસાદનુ એલર્ટ આપ્યુ છે.**

હિમાચલ પ્રદેશ, તા.૧૭

દેશભરમા વરસાદથી તબાહી હજુ પણ ચાલુ છે. હિમાચલ પ્રદેશમાં ફરી એક વખત આભ ફાટ્યું છે. શિમલાના રામપુરમાં આભ ફાટવાથી તેની ચપેટમાં આવી ૩૦ મીટર લાંબો રોડ આખો ધોવાઈ ગયો હતો. વહીવટી તંત્રએ સમગ્ર વિસ્તારમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું હતુ ઉચ્ચ અધિકારીઓ સ્થિતી પર નજર રાખી રહ્યા છે. હજુ સુધી નુકસાનની વિગત સામે નથી આવી. જો કે શુક્રવારે તારાજી બાદ શનિવારે ચાર જિલ્લા શિમલા, ચમ્બા કાંગડા અને સિરમૌરમાં પૂરનું યલો એલોટ જાહેર કરવામાં આવ્યું છે.સાથે હવામાન વિભાગે ૨૦ ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. જેને કારણે તંત્ર એલર્ટ મોડ પર કામ કરી રહ્યુ છે. એક અંદાજ મુજબ વરસાદમાં હિમાચલ પ્રદેશમા કરોડો રૂપીયાના નુકશાનનો અનુમાન લગાવાઇ રહ્યુ છે. સરકારે ૭૯ લોકોના મોતની પુષ્ટી આપી છે. જે દર્શાવે છે કે વરસાદે હિમાચલમાં કેવી તબાહી મચાવી હશે માત્ર હિમાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાં ૩૧ જુલાઈના આભ ફાટવાથી આવેલા પૂરથી મૃતકોની સંખ્યા વધીને ૩૨ થઈ ગઈ હતી રામપુરની આસપાસ સુન્ની બંધ અને સતલુજ નદીના કિનારેથી ચાર મૃતદેહ મળી આવ્યા છે. જિલ્લામાં લગભગ ૧૪ લોકો હજુ પણ ગુમ છે. તેવુ અધિકારીઓએ જણાવ્યુ હતુ જેથી મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. બીજી તરફ ગુરુવારે વૈષ્ણો દેવી માર્ગ પર બાણગંગા વિસ્તારમાં



ગુલશન નગર પાસે ભૂસ્ખલન થયું હતું. ઘટના સમયે યાત્રા ચાલુ હતી જેમા સદભાગ્યે કોઈ યાત્રાળુને ઈજા થઈ નથી. ઘટના બાદ આ વિસ્તારમાં શ્રદ્ધાળુઓની અવરજવર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો અને પથ્થરો હટાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું, જો કે થોડા કલાકો બાદ ફરી વાહનવ્યવહાર શરૂ કરાયો હતો ગુરુવારે ૨૮,૧૦૦ ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા. જ્યારે શુક્રવારે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં લગભગ ૨૦,૫૦૦ ભક્તોને દર્શનનો લાભ મળ્યો હતો. જો કે હવાઇ સેવા ખરાબ હવામાનને કારણે સ્થગીત રાખવી પડી હતી. બીજી તરફ જો કે ભુસ્ખલનને કારણે બંધ થઇ ગયેલા રસ્તાનુ રીપેરીંગ કામ શરૂ કરી દેવાયુ હતુ જેથી ઝડપથી રસ્તો પુર્વવત થાય.

## વિનેશ ફોગાટનું દિલ્હી એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરાયુ

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ ભારતીય મહિલા પહેલવાન વિનેશ ફોગાટ માટે એક ખરાબ સ્વપ્ન સમાન બની ગયો.ફાઈનલમાં પહોંચી છતાં ૧૦૦ ગ્રામ વજન વધુ આવતા ડિસ્ક્વોલિફાય થઈ અને મેડલથી વંચિત રહેવું પડ્યું. આ દર્દ કેટલું અસહ્ય હોઈ શકે તે આજે વિનેશને જેણે પણ જોઈ ત્યારબાદ અનુભવ્યું હશે. વિનેશ આજે ભારત પાછી ફરી અને દિલ્હી એરપોર્ટ પર જે રીતે ધીરજનો બંધ તૂટતા આંસુઓનું પૂર આવ્યું તે જોઈને દરેકની આંખના ખૂણા ભીના થઈ ગયા. વિનેશ આજે પેરિસથી પાછી ફરી અને દિલ્હી એરપોર્ટ પર ધ્રુસકે ને ધ્રુસકે રડતી જોવા મળી. તેને લેવા માટે પહેલવાન બજરંગ પુનિયા અને સાક્ષી મલિક પણ આવ્યા હતા જે તેને હિંમત આપતા જોવા મળ્યા. સાક્ષીની આંખોમાં પણ દર્દ સ્પષ્ટ દેખાતું હતું. વિનેશ ફોગાટે ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ફિલ્મી અંદાજમાં ગેમ રમી હતી. તેણે ક્વોટરફાઈનલ અને સેમી ફાઈનલ મેચમાં જીત મેળવીને બધાના મન જીતી લીધા હતા. પરંતુ ગોલ્ડ મેચ પહેલા જ વિનેશનું ૧૦૦ ગ્રામ જેટલું વજન વધુ આવતા તેને મેચમાંથી બહાર કરી દેવાઈ. બધી મહેનત પર એક ઝટકે પાણી ફરી વળ્યું અને વિનેશ તૂટી ગઈ. તેણે ગણતરીના કલાકોમાં કુશ્તીને અલવિદા કરી દીધુ.

## સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ૨૨ ડબ્બા પાટા પરથી ઉતર્યા

વારાણસીથી અમદાવાદ આવતી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને ગંભીર અકસ્માત નડ્યો છે. સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ૨૨ ડબ્બા પાટા પરથી ખરી પડ્યા છે. આ ઘટના કાનપુર અને ભીમસેન સેક્શનના ગોવિંદપુરી સ્ટેશન નજીક બની છે. ઉત્તર પ્રદેશના કાનપુર અને ભીમસેન રેલવે સ્ટેશન વચ્ચે સાબરમતી એક્સપ્રેસ પાટા પર થી ઉતરી જવાનો મામલો સામે આવ્યો છે. દુર્ઘટનામાં કોઈને ઈજા થવાના સમાચાર નથી. જો કે કાનપુરથી મુસાફરોને લઈ જવા માટે બસો મોકલવામાં આવી છે. ગોવિંદ પુરીની સામે હોલ્ડિંગ લાઇન પર સાબરમતી એક્સપ્રેસ પાટા પરથી ઉતરી જતાં ગભરાટ ફેલાયો હતો. ટ્રેનના ૨૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. જેમાં સાત એસી કોચ, આઠ સ્લીપર કોચ અને બાકીના જનરલ કોચનો સમાવેશ થાય છે. સાબરમતી એક્સપ્રેસ વારાણસીથી અમદાવાદ જઈ રહી હતી. દુર્ઘટનામાં કોઈને ઈજા થઈ નથી તે સદનસીબે રેલ્વે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અકસ્માતની તપાસ કરવામાં આવી રહી છે. અકસ્માત થયો ત્યારે મોટાભાગના મુસાફરો સૂતા હતા. રાત્રે લગભગ અઢી વાગ્યે સાબરમતી એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી જતાં મુસાફરોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. તેમની વચ્ચે બૂમો પડી હતી. અરાજકતા વચ્ચે મુસાફરો કોચમાંથી નીચે ઉતરીને બહાર આવ્યા હતા. રેલવેને અકસ્માતની જાણ થતાં જ અધિકારીઓમાં ગભરાટ ફેલાયો હતો. ટ્રેનમાં સવાર તમામ મુસાફરોને લઈ જવા માટે કાનપુરથી બસો મંગાવવામાં આવી હતી. બસો મારફત તેમને અન્ય કોઈ સ્ટેશને મોકલીને તેમના ગંતવ્ય સ્થાન સુધી લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

## NASAના વીડિયોથી દુનિયામાં હાહાકાર, વૈજ્ઞાનિકો હેરાન

તાજેતરમાં એક દુર્લભ ખગોળીય ઘટના બની. જેના પર દુનિયાભરના લોકોએ ઓછું ધ્યાન આપ્યું. આ ઘટના નાસાના કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે. થયું એવું કે ચંદ્ર પર તોફાન આવ્યું. ત્યારબાદ જે થયું તે ચોંકાવનારું હતું. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર નાસાના એક વૈજ્ઞાનિકે એક વીડિયો શેર કર્યો છે જેમાં ચંદ્રમાને ઓરોરાને રંગીન બ્રેકગ્રાઉન્ડની સામે અસ્ત થતો જોઈ શકાય છે. આ એક પ્રકારનો ટાઈમલેપ્સ વીડિયો છે જે સૌર પવન અને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર વચ્ચેની પ્રતિક્રિયા સાથે સંબંધિત છે. આ જે સમગ્ર ઘટના બની તે દુર્લભ છે. તેનાથી પણ દુર્લભ એ વાત છે કે તેનો વીડિયો કેપ્ચર કરવામાં આવ્યો. નાસાના અવકાશયાત્રી મેથ્યુ ડોમિનિકે આ વીડિયો કેપ્ચર કર્યો છે. આ ટાઈમલેપ્સ વીડિયોમાં ઓરોરા બોરેલિસની અદભૂત ઘટના રેકોર્ડ કરવામાં આવી છે. આ ખગોળીય ઘટના સૌર પવન અને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા છે, કેટલાક લોકો તેને ચંદ્રનું તોફાન પણ કહી રહ્યા છે. પરંતુ આ શું છે તે જાણવું જરૂરી છે. વાસ્તવમાં, સૂર્યમાંથી સતત ચાર્જ પાર્ટિકલ્સ નીકળતા રહે છે, જેણે સૌર પવન કહેવામાં આવે છે. જ્યારે આ પાર્ટિકલ્સ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સંપર્કમાં આવે છે, ત્યારે તે ધરતીના વાયુમંડળમાં પ્રવેશ કરે છે. વાયુમંડલમાં હાજર ગેસ જેવા કે ઓક્સિજન અને નાઈટ્રોજનની સાથે આ પાર્ટિકલ્સની પ્રતિક્રિયા હોય છે. આ પ્રતિક્રિયા દરમિયાન ઊર્જા નીકળે છે, જેના કારણે આ-કાશમાં રંગીન લાઇટ્સ દેખાય છે. ઓરોરાના રંગો એ ગેસ પર આધાર રાખે છે જેની સાથે સૌર કણો પ્રતિક્રિયા આપે છે. ઉદાહરણ તરીકે ઓક્સિજન લીલા અને લાલ રંગનો, જ્યારે નાઈટ્રોજન આસમાની અને બેંગની રંગનો પ્રકાશ ઉત્પન્ન કરે છે. આ વીડિયોમાં પણ એ જ થયું છે. ચાંદ અસ્થ થતા જોઈ શકાય છે કે પાછળ આકાશમાં ઘણા બધા ખુબસુરત રંગ દેખાઈ રહ્યા છે. સાથે સુરજ ઉગતો પણ જોઈ શકાય છે, જેનાથી રોશની અંતરિક્ષ સ્ટેશન પર પડી રહી છે.

## ગુજરાત-રાજસ્થાન સહિતના રાજ્યોમાં માટે આગાહી

નવી દિલ્હી, તા.૧૬

દેશના પશ્ચિમ, ઉત્તર અને પૂર્વીય ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સક્રિય છે. જેને લઈને હવામાન વિભાગે બિહાર, ઝારખંડ, ઓડિશા, ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં હળવાથી મધ્યમ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ આગાહી કરી છે. બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ સર્જાતા પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત ભારતીય હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમમા લો પ્રેશર સર્જાયુ છે જે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશની નજીકના વિસ્તારો માં આગળ વધી રહ્યુ છે જેને કારણે વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે. સરકાર અને વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને આસપાસના ભાગોમાં રહેતા લોકોને હવામાનની આગાહી સાથે અપડેટ રહેવા અને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

## લખનઉ એરપોર્ટ પર અફરા-તફરી

**લખનૌ એરપોર્ટના કાર્ગો ટર્મિનલ પર કેન્સરની રેડિયો એક્ટિવ દવા લીક થઈ જતા ભારે દોડધામ મચી હતી એનડીઆરએફ, એસડીઆરએફ ટીમે પહોંચી સ્થિતી કાબુમાં લેવા પ્રયત્નો કર્યા હતા. સાથે એરિયાને ખાલી કરાવવામાં આવ્યો હતો સુરક્ષા એજન્સીઓ હાલ તપાસ કરી રહી છે. સંપર્કમાં આવેલા લોકોને રોકી દેવાયા હતા**

લખનૌ,તા.૧૭

લખનઉના ચૌધરી ચરણ સિંહ (અમૌસી) એરપોર્ટ પર રેડિયોએક્ટિવ લીક થયું છે. ૨ કર્મચારી બેભાન થઈ ગયા છે. ટર્મિનલ-૩ સીઆઈએસએફ અને એનડીઆરએફને સોંપવામાં આવ્યું છે. ૧.૫ કિલોમીટરનો વિસ્તાર ખાલી કરાવાયો છે. લોકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ફ્લાઈટ લખનઉથી ગુવાહાટી જઈ રહી હતી. દરમિયાન એરપોર્ટ ટર્મિનલ-૩ પર સ્કેનિંગ દરમિયાન મશીને બીપનો અવાજ કર્યો. આ બોક્સમાં કેન્સરવિર-ોધી દવાઓ લાકડાંના બોક્સમાં પેક હતી. એમાં રેડિયોએક્ટિવ તત્ત્વો હોય છે. કર્મચારીઓએ બોક્સ ખોલતાંની સાથે જ ઝડપથી ગેસ નીકળ્યો હતો, જેના કારણે બે કર્મચારી બેભાન થઈ ગયા હતા. કર્મચારીઓ બેભાન થતાં જ ત્યાં નાસભાગ મચી ગઈ હતી. લોકો અહીં-તહીં દોડવા લાગ્યા. આ વિસ્તારને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યો હતો.

એરપોર્ટ પ્રશાસને કહ્યું- ટર્મિનલ-૩ પાસે કાર્ગોમાંથી ગેસ લીકેજની માહિતી મળી છે. ફાયર સર્વિસ, દ્વદ્ઘઈદ્વ, જીદ્ઘઈદ્વની ૩ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તમામ ટીમો કામ કરી રહી છે. કેટલીક દવાઓના બોક્સમાંથી ફ્લોરિન ગેસ લીક થયો છે. ટીમ આ ઘટના પર ચાંપતી નજર રાખી રહી છે. સાવચેતીના ભાગ રૂપે તે વિસ્તારમાં ન જવા માટે એડવાઈઝરી જારી કરવામાં આવી છે. એરપોર્ટના પ્રવક્તાએ કહ્યું- એરપોર્ટ પર કામગીરી પ્રભાવિત નથી.

ગેસ લીક થયા બાદ ત્યાં હાજર લોકોની આંખો બળવા લાગી હતી. લોકો ગભરાઈ ગયા. લખનઉની લોકબંધુ હોસ્પિટલના એનેસ્થેસિયાના નિષ્ણાત ડૉ. સુરેશ કૌશલે જણાવ્યું કે રેડિયો એક્ટિવની અસરને કારણે બેભાન થવું, આંખોમાં બળતરા અને લો બ્લડ પ્રેશર થઈ શકે છે.

શરીરમાં રેસીઝ, અચાનક તીવ્ર ઉધરસ શરૂ થાય છે. એટલું જ નહીં તેની અસર ફેફસા પર પણ પડે છે. કિડનીને પણ અસર થાય છે. ફ્લોરિન ગેસનો ઉપયોગ ઘણા એક્સ-રે અને તબીબી સંબંધિત પરીક્ષણોમાં થાય છે. કેટલીક દવાઓના તાપમાનને સુરક્ષિત રાખવા માટે પણ ફ્લોરિનનો ઉપયોગ થાય છે.

## ૨૬/૧૧ હુમલાના તહવ્વુર રાણાને ભારત લાવવાનો માર્ગ મોકળો

નવીદિલ્હી,તા.૧૭

૨૦૦૮ના મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત લાવવાનો માર્ગ મોકળો થઇ ગયો છે. ભારતમાં પ્રત્યાર્પણના નિર્ણય સામેની તેની અપીલને અમેરિકી કોર્ટે ફગાવી દીધી છે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ આંતકીને ભારત મોકલી શકાય તેવુ અમેરીકી કોર્ટે જણાવ્યુ હતુ

જેને ભૂલી જવું કોઈના માટે સરળ નથી. ૨૦૦૮ માં, પાકિસ્તાની આતંક વાદીઓએ મુંબઈમાં વિવિધ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ, ગોળીબાર અને લોકોને બંધક બનાવીને તેમની નાપાક આતંકી કૃત્યને અંજામ આપ્યો હતો. આ આતંક વાદી હુમલામાં ૧૭૫ લોકો માર્યા ગયા હતા, જેમાંથી ૧૬૬ નાગરિકો અને ૯ આતંકવાદી હતા.આ ઉપરાંત આ આતંકી હુમલામાં ૩૦૦થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. આ હુમલા પાછળ પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાનો હાથ હતો અને આ આતંકી સંગઠન ના ૧૦ આતંકીઓએ આ હુમલો કર્યો હતો. ૧૦ આતંકવાદીઓ માંથી માત્ર એક અજમલ કસાબ આ હુમલામાં બચી ગયો હતો અને તેને ૨૦૧૨માં ફાંસી આપવામાં આવી હતી. પાકિસ્તાની મૂળના કેનેડાના રહેવાસી તહવ્વુર હુસૈન રાણા નામના આતંક વાદીએ આ હુમલાની યોજના બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પરંતુ આટલા વર્ષો પછી પણ તેને ભારત લાવવામાં આવ્યો નથી. પરંતુ હવે ભારત સરકારને આ મામલે મોટી સફળતા મળી છે.

૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલાનો આરોપી ૬૩ વર્ષીય તહવ્વુર હાલમાં અમેરિકાની જેલમાં બંધ છે. ભારત સરકાર લાંબા સમયથી તેને અમેરિકાથી લાવવાની કોશિશ કરી રહી છે જેથી તેની સામે જરૂરી કાર્યવાહી થઈ શકે, પરંતુ હજુ સુધી તેમાં સફળતા મળી નથી. પરંતુ હવે ટૂંક સમયમાં તહવ્વુરને ભારત લાવવામાં આવશે.ભારત અને અમેરિકા વચ્ચે પ્રત્યાર્પણ સંધિ છે. આ પ્રત્યાર્પણ સંધિની જોગવાઈઓ હેઠળ તહવ્વુરને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે. ભારત સરકાર લાંબા સમયથી તહવ્વુરના પ્રત્યાર્પણ માટે અપીલ કરી રહી હતી. ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિની જોગવાઈઓ હેઠળ તહવ્વુરના ભારતમાં પ્રત્યાર્પણને પણ મંજૂરી આપવામાં આવી છે. થોડા સમય પહેલા અમેરિકાની એક ડિસ્ટ્રિક્ટ કોર્ટે પણ અમેરિકી સરકારની મંજૂરી બાદ તહવ્વુરના ભારતને પ્રત્યાર્પણની મંજૂરી આપી હતી. જો કે તહવ્વુરએ આ નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.

## આખુ ઉદયપુર બંધ, શહેરમાં ૧૪૪ ની કલમ લાગુ

ઉદયપુર,તા.૧૭

ઉદયપુર એટલે એ પિકનિક સ્પોટ જ્યાં ગુજરાતીઓ છાશવારે ફરવા નીકળી પડતા હોય છે. અમદાવાદથી નજીક આવેલુ હોવાથી જો બે દિવસની રજા મળે તો ઉદયપુર ગુજરાતીઓથી ભરાઈ જાય છે. તેમાં પણ શનિવાર-રવિવારની રજા અને રક્ષા બંધનની રજા સાથે આવે છે. લાંબી રજાઓને કારણે અમદાવાદીઓ ફરવાનો પ્લાન બનાવે છે. તેથી જો તમે ઉદયપુર ફરવા જવાનો પ્લાન હોય તો માંડી વાળજો. કારણ કે, આખા શહેરમાં હિંસા ભડકી છે. હુમલાની એક ઘટના બાદ આખુ ઉદયપુર બંધ થઈ ગયું છે. એટલુ જ નહિ, શહેરમાં ઠેરઠેર આગ અને તોડફોડના બનાવો બન્યા છે. હાલ શહેરમાં ૧૪૪ ની કલમ લાગુ કરી દેવાઈ છે.

રાજસ્થાનમાં તળાવોના શહેર તરીકે પ્રખ્યાત ઉદયપુર સાંપ્રદાયિક હિંસાની આગમાં બળીને ખાખ થઈ ગયું. કન્હૈયા લાલ ટેલરની હત્યા બાદ શહેરમાં ભાઈચારો વધારવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં અવાર-નવાર તણાવ જોવા મળી રહ્યો છે. ઉદયપુરમાં ફરી તણાવ જોવા મળ્યો છે.

ઘટનાની મળતી વિગતો પ્રમાણે, શુક્રવારે સરકારી શાળાના બે વિદ્યાર્થી વચ્ચેની લડાઈને કારણે તણાવની સ્થિતિ પેદા થઈ ગઈ. શહેરમાં ધોરણ૧૦ના વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીને ચાકુ મારી દેતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેના બાદ શહેરમાં તણાવનો માહોલ ફેલાય છે. લોકોએ શોપિંગ મોલમાં તોડફોડ કરી અને પથ્થરમારો કર્યો. ગેરેજમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપવામાં આવી હતી. પોલીસે લાઠીચાર્જ કરીને દેખાવકારોને ભગાડ્યા.આ ઘટના સવારે ૧૦:૩૦ વાગ્યે સૂરજપોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ભટ્ટિયાની ચોહટ્ટામાં એક વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. કલેક્ટર અરવિંદ પોસવાલે કહ્યું- હુમલો કર્યા બાદ ફરાર થયેલા સગીર વિદ્યાર્થીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવશે. મહત્વનું છે કે, આ બંને વિદ્યાર્થીઓ વચ્ચે સોશિયલ મીડિયા પર થયેલી ચેટના વીડિયો પણ વાયરલ થયા છે. ચેટમાં આરોપી વિદ્યાર્થીએ જાનથી મારવાની ધમકી આપી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન ભાજપમાં જોડાઈ શકે છે

રાંચી,તા.૧૭

રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી છે કે જળ સંસાધન વિભાગ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના મંત્રી ચંપાઈ સોરેન ભાજપમાં જોડાઈ શકે છે. માહિતી અનુસાર, સ્વતંત્રતા દિવસના અવસર પર સેરાયકેલાના ભગવાન બિરસા મુંડા સ્ટેડિયમથી પોતાના સંબોધન દરમિયાન મંત્રી ચંપાઈ સોરેને એક પણ વાર હેમંત સોરેનનો ઉલ્લેખ કર્યો ન હતો અને ન તો આ દરમિયાન ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે માત્ર મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળની ઉપલબ્ધિઓ વિશે વાત કરી. તે જ સમયે, આ પહેલા જ્યારે ચંપાઈ સોરેન સીએમ પદ પર હતા ત્યારે તેઓ હંમેશા પોતાના સંબોધનમાં હેમંત સોરેનનો ઉલ્લેખ કરતા હતા અને ભાજપ પર પણ પ્રહારો કરતા હતા.હેમંત સોરેને જેલમાંથી બહાર આવતાં જ તેમને મુખ્યમંત્રી પદ પરથી હટાવ્યાત્યારથી જ ભાજપના નેતાઓ ચંપાઈ સોરેનના પક્ષમાં છે. ભાજપના કાર્યકરો પણ ચંપાઈ સોરેનના કાર્યકાળની પ્રશંસા કરી રહ્યા છે.

## દેશમાં દરરોજ ૮૬ દુષ્કર્મના કેસ : પ્રિયકા ગાંધી

નવીદિલ્હી,તા.૧૭

કોલકાતામાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કેસ પર પ્રિયંકા ગાંધીએ તીખી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'દેશમાં દરરોજ ૮૬ દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. આવી સ્થિતિમાં મહિલાઓને કેવી રીતે સુરક્ષિત ગણી શકાય? કોલકાતા તેમજ બિહાર, યુપી અને ઉત્તર-ાખંડમાં બનેલી ઘટનાઓને જોઈને દેશભરની મહિલાઓ દુઃખી છે અને ગુસ્સે હોવાનુ પ્રિયકાએ જણાવ્યુ હતુ

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'કોલકાતા, બિહાર, ઉત્તરાખંડ અને યુપીમાં મહિલાઓ પર થતા અત્યાચારો એ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. આ સમયે દેશભરની મહિલાઓ દુઃખી અને ગુસ્સામાં છે. જ્યારે પણ આવી ઘટનાઓ બને છે ત્યારે દેશની મહિલાઓ જુએ છે કે સરકારો શું કરી રહી છે? તેના શબ્દો અને પગલાં કેટલા ગંભીર છે?

પ્રિયંકા ગાંધીએ વધમાં લખ્યું કે, 'જ્યાં જ્યાં મહિલાઓની સુરક્ષા ને લઈને મજબૂત સંદેશ આપવાની જરૂર હતી ત્યાં આરોપીઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. મહિલાઓ પરના ઘૃણાસ્પદ અત્યાચારના કેસોમાં નરમાઈ દાખવવી, આરોપીઓને રાજકીય રક્ષણ આપવું અને દોષિત કેદીઓને જામીન/પેરોલ આપવા જેવી વારંવારની ક્રિયાઓ મહિલાઓને નિરાશ કરે છે. આનાથી દેશની મહિલાઓને શું સંદેશ જાય છે? જ્યારે સરકારી આંકડા દર્શાવે છે કે દરરોજ ૮૬ દુષ્કર્મ કેસ સામે આવે છે, ત્યારે મહિલાઓએ કોની પાસેથી રક્ષણની અપેક્ષા રાખવી જોઈએ?'

કોલકાતાની આર.જી. કાર મેડિકલ કોલેજની મહિલા ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. જેના કારણે દેશભરમાં ખળભળાટ મચી ગયો છે.

## કર્ણાટકના મુખ્યમંત્રી સામે ભ્રષ્ટાચારનો કેસ ચાલશે

**કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી જમીન કૌભાંડ મામલે કેસ કરવામાં આવશે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, તથા ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમો હેઠળ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કેસ ચલાવવાની મંજૂરી રાજ્યપાલે આપી**

બેંગ્લુરૂ,તા.૧૭


કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની જમીન ફાળવણીમાં કથિત કૌભાંડ અંગે મુખ્યમંત્રી સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી બાદ કર્ણાટકમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે. શાસક પક્ષના નેતાઓ મુખ્યપ્રધાનના બચાવમાં બેટિંગ કરી રહ્યા છે, તો બીજી તરફ વિપક્ષ સિદ્ધારમૈયાને ઘેરવા મેદાનો ગોઠવવામાં વ્યસ્ત છે. દરમિયાન હવે આ સમગ્ર મામલે ખુદ મુખ્યમંત્રીનું નિવેદન સામે આવ્યું છે.

રાજ્યપાલ દ્વારા કેસ ચલાવવાની મંજૂરી આપવા પર સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે સમગ્ર કેબિનેટ, પાર્ટી હાઈકમાન્ડ, તમામ ધારાસભ્યો, ધારાસભ્ય, લોકસભા અને રાજ્યસભાના સાંસદો મારી સાથે છે. તેમણે વધુમાં કહ્યું કે ભાજપ, જેડીએસ અને અન્ય લોકોએ લોકતા-ંત્રિક રીતે ચૂંટાયેલી સરકારને હટાવવાનું કાવતરું ઘડ્યું છે. મેં કંઈ ખોટું કર્યું નથી કે મારે રાજીનામું આપવું પડે. કર્ણાટકના રાજ્યપાલનો નિર્ણય બંધારણ વિરોધી અને કાયદાની વિરુદ્ધ છે. આને કોર્ટમાં પડકારવામાં આવશે.

બીજી તરફ કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું કે આખો પક્ષ અને સરકાર મારા મુખ્યમંત્રીની સાથે છે. મુખ્યમંત્રીએ કંઈ ખોટું કર્યું નથી. આ રાજકીય રીતે પ્રેરિત મુદ્દો છે. એટલા માટે અમે વિરોધ કરવા જઈ રહ્યા છીએ. અમે આ અંગે કોર્ટમાં પણ જઈશું અને તમામ કાયદાકીય પગલાં અપનાવીશું. તેમજ સમગ્ર રાજ્ય અને અમારી પાર્ટીના કાર્યકર્તાઓ રાજ્યપાલના વલણનો વિરોધ કરશે. આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવી નથી.

અહેવાલ મુજબ, રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે ટીજે અબ્રાહમ, પ્રદીપ અને સ્નેહમોયી કૃષ્ણા દ્વારા દાખલ કરાયેલી ત્રણ અરજીઓ પર નિર્ણય લેતા કેસ ચલાવવાની મંજૂરી આપી છે. આ પહેલા ૧ ઓગસ્ટના રોજ કર્ણાટક સરકારે રાજ્યપાલને મુખ્યમંત્રીને આપવામાં આવેલી કારણ બતાવો નોટિસ પાછી ખેંચવાની સલાહ આપી હતી. સરકારે રાજ્યપાલ પર બંધારણીય પદનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

રાજ્યપાલ પાસેથી કેસ ચલાવવાની પરવાનગી મળ્યા બાદ કર્ણાટક સરકારે કેબિનેટની વિશેષ બેઠક બોલાવી છે. મુખ્યમંત્રી પર આરોપ છે કે તેમની પત્ની પાર્વતીને મૈસુરમાં વળતર માટે નો પ્લોટ ફાળવવામાં આવ્યો હતો, જેની મિલકતની કિંમત એમયુડીએ દ્વારા સંપાદિત કરવામાં આવેલી જમીન કરતાં ઘણી વધારે હતી.એનયુડીએએ પાર્વતીને



તેની ૩.૧૬ એકર જમીનના બદલામાં ૫૦:૫૦ રેશિયો સ્કીમ હેઠળ પ્લોટ ફાળવ્યા હતા.

રાજભવનના એક અધિકારીએ કહ્યું કે, 'રાજ્યપાલે મુખ્યમંત્રી સામે કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય ટી.જે. અબ્રાહમ, પ્રદીપ અને સ્નેહમોયી કૃષ્ણા દ્વારા દાખલ કરાયેલી ત્રણ અરજીઓ પર આધારિત છે તેમની સામે લાગેલા આરોપોનો જવાબ આપવા અને તેમની સામે કાર્યવાહીની પરવાનગી શા માટે ન આપવી જોઈએ તે સમજાવવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો.

## યુદ્ધવિરામ વાટાઘાટો અટકી, વિસ્તાર ખાલી કરવાનો ઈઝરાયેલનો આદેશ

ગાઝા,તા.૧૭

યુએસ સ્ટેટ સેક્રેટરી એન્ટની બ્લિંકન રવિવારે ઈઝરાયલ પહોંચશે અને સોમવારે પીએમ બેન્જામિન નેતન્યાહૂને મળશે. દોહામાં ગુરુવારે શરૂ થયેલી ગાઝા યુદ્ધવિરામ મંત્રણા શુક્રવારે અટકી ગઈ હતી. ઈઝરાયેલી સેનાએ શુક્રવારે દક્ષિણ અને મધ્ય ગાઝામાં તાજા આદેશો જારી કરીને લોકોને વિસ્તાર ખાલી કરવા કહ્યું કારણ કે હમાસના લડવૈયાઓએ ત્યાં પાયા સ્થાપ્યા છે.

મધ્ય પૂર્વમાં તણાવ ઓછો કરવા માટે ગુરુવારે દોહામાં શરૂ થયેલી ગાઝા યુદ્ધવિરામ વાટાઘાટો શુક્રવારે અટકી ગઈ હતી. હવે આવતા અઠવાડિયે ફરી શરૂ થશે. અમેરિકાએ કહ્યું કે ગુરુવારની મંત્રણા રચનાત્મક હતી. વાટાઘાટો વચ્ચે, ઈઝરાયેલી સેનાએ શુક્રવારે દક્ષિણ અને મધ્ય ગાઝામાં નવા આદેશો જારી કરીને લોકોને વિસ્તાર ખાલી કરવા કહ્યું. તે જ સમયે, યુએસ સ્ટેટ સેક્રેટરી એન્ટની બ્લિંકન રવિવારે ઈઝરાયેલ પહોંચશે અને સોમવારે પીએમ બેન્જામિન નેતન્યાહૂને મળશે. પશ્ચિમ એશિયાના શુભચિંતકોની સાથે, બંધકોના પરિવારો પણ ગાઝા મંત્રણાના પરિણામને લઈને આશાવાદી છે.

મધ્યસ્થીઓએ કહ્યું કે તેઓ હમાસને વાટાઘાટોની પ્રગતિ વિશે સતત માહિતગાર કરી રહ્યા છે, કારણ કે તે તેમની સાથે સીધો ભાગ લઈ રહ્યો નથી. ગાઝા વાટાઘાટોને લઈને અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે આ એક મહત્વપૂર્ણ વાટાઘાટ છે, અમારું લક્ષ્ય આ પ્રક્રિયાને પૂર્ણ કરવાનું છે. બીજી તરફ મંત્રણા વચ્ચે ઈઝરાયેલની આક્રમકતા ઓછી થઈ નથી.

ઈઝરાયેલી સૈનિકોએ દક્ષિણ ગાઝા શહેરો રફાહ અને ખાન યુનિસ પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું. હમાસે આરોપ લગાવ્યો છે કે ઈઝરાયેલ સતત મંત્રણાને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઈઝરાયેલની સેનાએ શુક્રવારે દક્ષિણ ગાઝા અને મધ્ય ગાઝાના તે વિસ્તારોને ખાલી કરવા જણાવ્યું હતું.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો, પરંતુ તમે તમારા પ્રમાણે આ સમય નો ઉપયોગ કરી શકશો નહીં. તમારા જીવનસાથીથી ખરેખર અદભુત હોય તો જીવન સુખદ અમુભૂતિ બની જાય છે. આજે તમને આ વાતનો અનુભવ થશે.

**વૃષભ :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારું મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે. તમારો કોલ લંબાવીને તમે તમારા રોમેન્ટિક ભાગીદારને ચીડવશો. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે. આ રાશિ ના વિદ્યાર્થીઓ ને આજે અધ્યયન માં ધ્યાન કેન્દ્રિત કરવા માં સમસ્યાઓ નો સામનો કરવો પડી શકે છે. આજે તમે મિત્રો ના વર્તુળ માં તમારો કિંમતી સમય બગાડી શકો છો. તમે પરિવારના સભ્યો સાથે મુશ્કેલ સમયનો સામનો કરશો

**મિથુન :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? સાંજે મિત્રો સાથે બહાર જવ-કેમ કે તે તમારી માટે ઘણું સારૂં કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**કર્ક :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. નોકરી પેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પરિવારના સભ્ય તેમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે. ઑફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ. જો બોલવા નું જરૂરી ના હોય તો શાંત રહો, કોઈપણ વાત બળપૂર્વક બોલી ને તમે પોતાની જાત ને મુશ્કેલી માં મૂકી શકો છો. અજાણ્યા લોકો સાથે વાત કરવી ઠીક છે, પરંતુ તેમની વિશ્વસનીયતા ને જાણ્યા વિના, તમે તમારો સમય ફક્ત તમારા જીવન વિશે અને બીજુ કંઈક વિશે જણાવવા માં બગાડશો.

**સિંહ :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. લાંબા-ગાળાના દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકાએક થયેલો રોમેન્સ મેળાપ તમને મૂંઝવી નાખશે. આઈટી પ્રોફેશનલ્સને તેમનું કૌવત દેખાડવાની તક મળશે. સફળતા મેળવવા તમારે તમારું ધ્યાન કેન્દ્રિત કરીને થાક્યા વિના કામ કરવાની જરૂર છે. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. વિવાદો અથવા ઓફિસમાં રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારું વર્ચસ્વ ધરાવશો.

**કન્યા :**
આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે થોડું દરકાર તથા ધ્યાન આપવું પડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રોજેક્ટ્સ પર કામ કરવા ધીરાણ માગો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી. આજે તમે અને તમારા જીવનસાથીએ સારી ખાણી-પીણી કરી હશે તો સ્વાસ્થ્ય બગડવાની શક્યતા છે.

**તુલા :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. આ રાશિ ના જાતકો ને કાર્યક્ષેત્ર માં જરૂર થી વધારે બોલવા થી બચવું જોઈએ નહીંતર તમારી છબી ઉપર ખરાબ પ્રભાવ થાય છે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ જુના નિવેશ ના લીધે ખોટ થવા ની શક્યતા છે. આજે તમે જો પ્રવાસ કરવાના હો તો તમારે તમારી ભાષા અંગે વધારે તકેદારી રાખવાની જરૂર છે. આજનો દિવસ તમારા પરિણીત જીવનનો શ્રેષ્ઠતમ દિવસ બનીરહેશે. પ્રેમના ખરા આનંદની અનુભૂતિ તમને આજે થશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાવાળા સ્વભાવના બનાવશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. આજે તમને અનુભૂતિ થશે કે તમારા લગ્ન વખતે લીધેલી દરેક પ્રતિજ્ઞાઓ સાચી હતી. તમારા જીવનસાથી તમારા સાચ્ચા સાથી છે.

**ધન :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. સમજદારીપૂર્વક રોકાણ કરો. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરતા પૂર્વક તમારી રાહ જોઈ રહી છે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે, જે તમારી માટે ખરેખર અવિસ્મરણીય બની રહેશે.

**મકર :**
આજના દિવસે વ્યાયામ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? તમારી આસપાસના લોકો આજે એવું કંઈક કરશે, જેનાથી તમારા જીવનસાથી નવેસરથી તમારા પ્રેમમાં પડશે.

**કુંભ :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો. તમારી પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં તમને અમર્યાદિત સફળતા મળવાની શક્યતા છે. પરિસ્થિતિ તમારા વશમાં કરવા તમારૂં બધું કૌવત કામે લગાડો. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ.

**મીન :**
આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

# આન બાન શાન સાથે કચ્છમાં 'સ્વતંત્ર પર્વમાં' લોકો જોડાયા


કચ્છ મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ


ભુજ નગરપાલિકા


ગાંધીધામ ચેમ્બર


નાના દીનારા


માંડવીની જૈન નુતન પ્રા.શાળા


ભચાઉ નવજીવન વિકલાંગ સેવાશ્રય


ઇત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ


બેરૂ, પ્રાથમિક શાળા



સુખસાણ તા.નખત્રાણા


સંસ્કૃત પાઠશાળા ભુજ

## ૭૮માં સ્વતંત્ર દિવસ પર કચ્છી યુવાને ફરકાવ્યો યુરોપના સૌથી ઉંચા માંઉન્ટ એલ્બ્રુટ્સ પર તિરંગો

આણંદપર(યક્ષ)તા.૧૭

આઝાદી અમૃત મહોત્સવ ૭૮ માં સ્વતંત્ર દિવસ અને ૨૫ મા કારગિલ વિજય દિવસના અવસર પર મૂળ વિરાણી મોટીના હાલ મડગાંવ- ગોવા રહેતા પર્વતારોહી ચેતન દિલીપ ફરી એક વખત ઈતિહાસ રચ્યો છે. ચેતન નાકરાણીએ રશિયા અને યુરોપ મહાદીપની સૌથી ઊંચી ચોટી માંઉન્ટ એલ્બ્રુટ્સ જેની ઊંચાઈ ૧૮,૫૧૦ ફીટ,૫,૬૪૨ મીટર છે, જે વિશ્વના સૌથી ઊંચા સાત માંઉન્ટ પૈકી એક છે. ત્યાં ૧૫ ઓગસ્ટ સવારના ૯:૧૩ મિનીટે (રશિયા સમય) ભારતીય રાષ્ટ્રધ્વજ અને કારગિલ યુદ્ધની અંદર વિરગતી પ્રાપ્ત કરનાર ૫૨૭ શુરવીરોને પોતાના અલગ અંદાજથી શ્રદ્ધાંજલિ અર્પી હતી, ૫૨૭ શુરવીરોના નામ લખેલ એક ધ્વજ માંઉન્ટ એલ્બ્રુટ્સની ચોટી ફરકાવીને તેમણે અનોખી શ્રદ્ધાંજલિ આપી હતી. આ પહેલાં પણ તેઓ ૩/૪ હજાર મીટરની ઉંચાઈએ ભારતનો રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ચુકયા છે,


**વિરાણીમોટીના પર્વતારોહી ચેતન નાકરાણીએ એક વખત ફરી ઈતિહાસ રચ્યો**

વર્ષ ૨૦૨૩માં લદાખના સૌથી ખતરનાક ટ્રેક ચાદર પર ૩૯૪ ફીટે રાષ્ટ્ર ધ્વજ લહેરાવી વર્લ્ડ રેકર્ડ પોતાને નામે અંકિત કરાવ્યો છે. માંઉન્ટ એલ્બ્રુટ્સ સર કરનાર ચેતન પ્રથમ કરછી વ્યક્તિ બન્યા છે, તેમનાં જણાવ્યા અનુસાર એમનું આગલું લક્ષ્ય માંઉન્ટ કિલીમંજારો,આફ્રિકાને હાંસીલ કરવાનો છે.


સોનલનગર લખપત


અખિલ કચ્છ કુંભાર સમાજ


વિકલાંગ કન્યા છાત્રાલય


જબલપુર પ્રાથમિક શાળા -૧, મુન્દ્રા

***ભુજ નગરપાલિકા*** : ભુજ પાલિકાના પ્રાંગણમાં હમેંશની પરંપરા અનુસાર પાલિકા અધ્યક્ષા રશ્મિબેન સોલંકીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ નગરપાલિકા અધ્યક્ષાએ ભુજના નગરજનોને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, નગરજનો વતી નગરપતિ તરીકે ધ્વજવંદન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ત્યારે આવનારા દિવસોમાં આપ સૌના સાથ અને સહકારથી મારું ભુજ સ્વચ્છ ભુજ, મારું ભુજ હરીયાળું ભુજ, અને મારું ભુજ સુંદર ભુજ બનાવવા શહેરીજનોને સહકાર માટે અપીલ કરું છું કે, શહેરમાં જ્યારે પાણીનું વિતરણ એકાંતરે થયું છે ત્યારે આપણે સૌ પાણીનો બગાડ અટકાવીએ, ઘરના જમીન ટાંકામાં જો બોલવાલ ના લાગેલો હોય તો લગાવીએ, તેમજ ઘરની આસપાસ કચરાના જેમ તેમ ના ફેંકીએ. કચરાપેટી તેમજ ડોર ટુ ડોર કલેક્શન માટે આવતા વાહનમાં જ કચરો ઠાલવીએ પ્રસંગે આ કાર્યક્રમમાં કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરી ઠક્કર, ભુજ શહેર ભાજપના પ્રમુખ બાલકૃષ્ણ મોતા, મહામંત્રી ભૌમીક વચ્છરાજાની, પાલિકાના ઉપપ્રમુખ ધનશ્યામ ઠક્કર, શાસકપક્ષના નેતા કમલ ગઢવી,નગરસેવકો વગેરે ઉપસ્થિત રહ્યા હોવાનું યાદીમાં જણાવાયું હતું.

***કચ્છ મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ*** : ૭૮માં સ્વાતંત્ર્ય પર્વે કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલ સાઈટ પર રાષ્ટ્રધ્વજ ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમ ચાકીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપપ્રમુખ હાજીયુસુફ ખત્રી, મંત્રીઓ યુસુફ જત, ઈસ્માઈલ સોનેજી, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટી અબ્દુલરશીદ ખત્રી, સલાહકાર સી.એ. ઝહીર મેમણ, ટ્રસ્ટના શુભેચ્છકો હાજી ઈસ્માઈલ લાડકા, હાજી ઈશાક હિંગોરા, હાજી સિકંદર ચાકી, રોશનઅલી ચાકી, ઝાહિદ કાનિયા, ઈન્જિનીયર અબ્દુલકાદર ખત્રી ઉપસ્થિત રહ્યા હતા. મૌલાના સૈયદ અલ્હાજ જહાંગીરશા બાવાએ સાઈટની ખાસ મુલાકાત લીધી હતી અને પ્રોજેકટની સફળતા માટે દુઆએ ખૈર કરી હોવાનું ટ્રસ્ટના મંત્રી યુસુફ જત ની યાદીમાં જણાવાયું હતું.

***ગાંધીધામ ચેમ્બર*** : સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રાંગણમાં ચેમ્બર પ્રમુખ મહેશ પુજના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો, અગ્રણીએ જણાવ્યુ હતુ કે આપણો દેશ વિશ્વમાં આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરી રહયો છે ત્યારે વિકાસની ગાથામાં ગુજરાત અને કચ્છનો અનન્ય ફાળો છે. ખાસ કરીને આપણા કચ્છના બે મહાબંદરો, મીઠા ઉદ્યોગ, ટીમ્બર ઉદ્યોગ, સીમેન્ટ ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ, ઓઈલ, ખનિજ જેવા ઉદ્યોગોના કારણે કચ્છ ઔદ્યોગિક ક્ષેત્રે રાજ્યનું હબ ગણાય છે ત્યારે વિશેષમાં કચ્છ રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે રાજ્યનો સૌથી મોટું મથક બનવા જઈ રહ્યું છે અને આવનારા દસકામાં કચ્છનો વિકાસ ત્રણથી ચાર ગણો થવાની પૂર્ણ સંભાવના છે. કેન્દ્ર અને રાજય સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને પ્રાધાન્ય આપી રહી છે, અંતમાં તેમણે સંકુલના સર્વગ્રાહી વિકાસ અંગે ચેમ્બરની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી વિકાસના દરેક કાર્યોની સાથોસાથ સંકુલને સ્પર્શતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ અંગે પણ ગાંધીધામ ચેમ્બર આપ સૌના સાથ સહકારથી હંમેશા કાર્યરત રહેશે તેમ કહી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગાંધીધામ ચેમ્બરના પૂર્વ પ્રમુખો સર્વ કે.એમ. ઠક્કર અને તેજા કાનગડ, ગાંધીધામ ચેમ્બરના હોદેદારો ઉપપ્રમુખ દિપક પારેખ, માનદ મંત્રી મહેશ તિર્થાણી, માનદ સહમંત્રી જતિન અગ્રવાલ અને કોષાધ્યક્ષ નરેન્દ્ર રામાણી, તથા કાર્યવાહક સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

***નાના દીનારા*** : તાલુકાના આંતરરાષ્ટ્રિય સરહદ ધરાવતા બન્ની- પચ્છમના અલૈયાવાંઢ,નાના દીનારા ગામે સરહદ પર ફરજ બનાવતા બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોની ખાસ ઉપસ્થિતમાં,સ્વતંત્રતા દિવસ ઉજવાયો હતો. રાષ્ટ્રભાવનાને બળવત્તર બનાવતા 'તિરંગા યાત્રા' તથા 'એક પેડ, માં કે નામ' જેવા ગત દિવસોમાં થયેલા કાર્યક્રમોને કારણે, ગ્રામજનોમાં જાગેલી અનોખી દેશભક્તિની ભાવનાને રજૂ કરતા,અહીં બાલવાટિકાના ભૂલકાંઓથી માંડી ધોરણ આઠ સુધીના બાળકોએ, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી, અનોખો દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો, ભાવિ પેઢી વિદ્યાર્થીઓને દેશભક્તિનો પાઠ શીખવતા આ જવાનોએ, બાળકોને ચોકલેટ અર્પી,તેમનું મોં મીઠુ કરાવી સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવી હતી. અલૈયાવાંઢ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક જિગરસિંહ ખેંગાર, તથા શાળા પરિવારે,જવાનો તથા ગ્રામજનોનું સ્વાગત કર્યું હતું, ધ્વજવંદન કાર્યક્રમ પૂર્વે અલૈયાવાંઢ, નાના દીનારા ગામની ગલીઓમાં શાળાના બાળકોએ તિરંગા યાત્રા યોજી, દેશભક્તિનો માહોલ ઉભો કર્યો હતો, આઝાદીના આ મહોત્સવને વધાવતા, શ્રેણીબદ્ધ કાર્યક્રમો સાથે શાળા પટાંગણમાં 'એક પેડ, માં ભારતી કે નામ'ના નારા સાથે, વૃક્ષારોપણ પણ કરાયું હતું.

***માંડવીની જૈન નુતન પ્રા.શાળા*** : શહેરની જૈનનૂતન પ્રાથમિક શાળા નંબર ૩ માં, ૭૮ મો સ્વાતંત્ર્યદિન ઉત્સાહભેર ઉજવાયો હતો. શાળાના પટાંગણમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલ દોશીના પ્રમુખ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જીવવિજ્ઞાનમાં પી.એચ.ડી.ની ડીગ્રી મેળવનાર શાળાની પૂર્વ વિદ્યાર્થીની ડો.માનસીબેન ગોસ્વામીના હસ્તે ધ્વજવંદન કરાયું હતું,શાળા આચાર્ય પુનિત વાસાણીએ સૌને આવકારી, હર ઘર તિરંગા અંતર્ગત યોજાયેલી સ્પર્ધાના વિજેતા બાળકોને ઈનામો એનાયત કરાયા હતા. દિનેશ શાહ, માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ, ડો.માનસીબેન, એવોર્ડી શિક્ષિકા ભારતીબેન ગોર અને નિવૃત્ત શિક્ષિકા કોકીલાબેન બાપટે પ્રાસંગિક પ્રવચનમાં દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. સ્વ.રંજનબેન અને સ્વ.દીપ દિનેશ શાહના આત્મા શ્રેયાર્થે પરિવાર તરફથી સાટા, ઈલિયાસ લુહાર તરફથી બિસ્કીટના પેકેટ અને શાળાના પૂર્વ શિક્ષિકા કુંદનબેન ત્રિવેદી તરફથી બાળકોને પ્રસાદી અપાઈ હતી,વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ હતો,દાતા નિશાંત શાહ, સી.આર.સી. મીરાબેન જોશી, એસ.એમ.સી.અધ્યક્ષ કુંજલબેન શાહ, સહિત બોહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા સંચાલન શાળાના ભાવીનીબેન વાસાણીએ જ્યારે મનુભા જાડેજાએ આભાર વિધિ કરી હતી શાળાના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

***ભચાઉ નવજીવન વિકલાંગ સેવાશ્રય*** : આઝાદીના ઉત્સવ અંતર્ગત ૭૮મા સ્વતંત્ર દિવસની અત્રેના નવજીવન વિકલાંગ સેવાશ્રય સંચાલિત બે શૈક્ષણિક સંસ્થાઓ, માતૃશ્રી ભમીબેન પ્રેમજી પુજા નિસર તેમજ પરમાબેન ભૂરા માલશી ગડા સ્કૂલ દ્વારા ભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સ્ટાફ-ગણ તેમજ વિદ્યાર્થી-ગણ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું, આ પ્રસંગે સંસ્થાના સ્થાપક મંત્રી જિતેન્દ્ર જોષી દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી, તેમજ બંને માધ્યમિક શાળાઓના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા આઝાદી પછીના ભારતની પરિ-કલ્પનાઓ અને વાસ્તવિક ચિત્ર વિષે ખૂબ ઊંડાણપૂર્વક વ્યકતવ્ય અપાયું હતું, જેમાં એક રાષ્ટ્ર, વ્યક્તિ સૌ એક સમાન અને શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો સંસ્થાના મંત્રીએ શિક્ષણ, વૃક્ષારોપણ અને સફાઈ રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યે ફરજ અદા કરવાની પ્રવૃતિ છે, દરેક નાગરિક રાષ્ટ્રએ મને શું આપ્યું એમ નહીં, પરંતુ મેં રાષ્ટ્રને શું આપ્યું એ ભાવનાથી જીવે એવી ભાવના દર્શાવી હતી, ગુજરાતી માધ્યમના આચાર્ય તૃપ્તિબેન જોષી દ્વારા સ્વાગત જ્યારે આભાર દર્શન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય જ્યોત્શનાબેન રબારી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન હૂરબાઈ તથા આરતીબેન ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે અમૃત કટારીયા,મયુર પંડ્યા, વિશાલ જોષી, ચંદ્રકાંત વાઘેલા, સેંધાજી મકવાણા તથા પરશોત્તમ સોલંકી સહયોગી રહ્યા હતા.

***ઇત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ*** : ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ હિન્દ ટ્રસ્ટ દ્વારા આઝાદીના ૭૮માં સ્વતંત્રતા દિનની ઉજવણી આગરીયા ફાર્મ, અંજાર મધ્યે કરાઈ હતી.આ પ્રસંગે મુસ્લિમ ધર્મગુરુ અને સંસ્થાના ગુજરાત પ્રદેશના મહામંત્રી સૈયદ અનવરશા બાવાની વિશેષ ઉપસ્થિતિમાં મુસ્લિમ સામાજિક અગ્રણી અને સંસ્થાના સીનીયર ટ્રસ્ટી હાજી જુમ્મા રાયમા ના વરદ હસ્તે ધ્વજવંદન કરાયું હતું.પ્રવક્તા જલાલશા સૈયદ ની યાદીમાં જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમ્યાન અનેક મુસ્લિમ આગેવાનો સ્વતંત્ર દિવસની ઉજવણીમાં જોડાયા હતા

***અખિલ કચ્છ કુંભાર સમાજ*** : કુંભાર સમાજ દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિતે હોટેલ હિલ વ્યુ રિસોર્ટ ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રફીક મારાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ રાષ્ટ્રધ્વજ ફરકાવી સામાજિક સભ્યો અને મહાનુભાવો દ્વારા "જન ગણ મન" રાષ્ટ્રગીત ગાન કરાયુ હતુ, અને સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવનાથી ગૂંજી ઊઠ્યું હતુ આગેવાનોએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની યાદો તાજી કરી અને તમામને એકતા, સમરસતા અને સમાજના વિકાસ માટે અગ્રેસર રહેવા માટે પ્રેરણા આપી હતી દેશપ્રેમથી ભરપૂર આ કાર્યક્રમમાં સમાજના વરિષ્ઠ આગેવાનો સિધિક કુંભાર કોઠારા, જકરીયા કુંભાર ભુજપર, ઈસ્માઈલ કુંભાર રાપર, ઉમર કુંભાર નિરોણા, ગની કુંભાર મંત્રી ભુજ, ઈબ્રાહિમ કુંભાર ગાંધીધામ ,હારુન કુંભાર યુવા પ્રમુખ નેત્રા, ઓસમાણ કુંભાર માંડવી, અલિ કુંભાર ભચાઉ, ભચુ કુંભાર વિથોણ ,યાકુબ સાજનવાલા ભુજ ,સુલતાન કુંભાર માધાપર, જુસબ કુંભાર ધાણેટી ,અભુ કુંભાર (માટી) માંડવી સહિત કુંભાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

***સોનલનનગર તા.લખપત*** : આઝાદી દિન નિમિતે લખપત તાલુકા યુવક કોંગ્રેસ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ સોનલનનગર તા.લખપત ખાતે તાલુકા પંચાયત ના વિપક્ષી નેતા સમરથદાન ગઢવી,કચ્છ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવકતા પી.સી.ગઢવી ના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો જેમાં પ્રદેશ યુવક કોંગ્રેસ સમિતિના મહામંત્રી અંજલી ગોરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પશ્ચિમ કચ્છ જીલ્લા યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ અભૂ હિંગોરા જીલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ દેસુભા જાડેજા પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય પ ુંજુભા જાડેજા પૂર્વ કારોબારી ચેરમેન હુસેન રાયમા પશ્રીમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસ મહામંત્રી રાજદીપ દેવધર ભુજ વિધાનસભા સહિતના આગેવાનો જોડાયા હતા આભાર વિધિ હુસેન રાયમા એ જ્યારે સમગ્ર કાર્યકમને સફળ બનાવવા યુવા કાર્યકરો કિર્તીદાન ગઢવી, જયદીપ ગઢવી, વિપુલ ગઢવી, મુસા ખલીફા, સહિતનાંઓએ જહેમત ઉઠાવી હતી.

***વિકલાંગ કન્યા છાત્રાલય*** : માંડવીમાં છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત સંસ્થા અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી સંચાલિત વિકલાંગ કન્યા છાત્રાલયમાં ૭૮ મો સ્વાતંત્ર્ય દિન આન - બાન અને શાન થી ઉજવાયો હતો.છાત્રાલયના પટાંગણમાં સંસ્થાના પ્રમુખ શાંતિલાલ ગણાત્રા ના પ્રમુખ સ્થાને યોજાયેલા, માંડવી લોહાણા બાળાશ્રમના પ્રમુખ હરીશ ગણાત્રાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું. કામધેનુ પ્રાથમિક શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેને રોકડ પારિતોષિક આપી પ્રોત્સાહિત કરાયા હતા.સ્વ. રંજન દિનેશ શાહ અને સ્વ. દીપ દિનેશ શાહના પરિવાર તરફથી પ્રસાદી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જેન્તી કોઠારી, મહેન્દ્ર ચોથાણી, હસમુખ ઠક્કર અને નિલેશ ઠક્કર,સુલતાન મીરે પ્રતાપ ચોથાણી,અશ્વિન ગજરા, ટ્રસ્ટી કમલેશ પાઠક, ગૃહમાતા પ્રવિણાબેન, મમતાબેન, શૈલેષ મીઠાવાલા અને પાંચુભા સોઢા ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં સહયોગી રહ્યા હતા.

## FILMY ગપશપ

# કરણ જોહર, કાર્તિક આર્યન, મલાઈકા અરોરા મેલબોર્નમાં ફર્યા




મેલબોર્ન,તા.૧૭

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મોના સ્ક્રિનિંગ માટે બોલિવૂડ સ્ટાર્સ પણ પહોંચી ગયા છે. કરણ જોહર, મલાઈકા અરોરા, કાર્તિક આર્યન, કબીર ખાન, મિની માથુર તેમજ 'કિલ'નો લક્ષ?ય મેલબોર્નની ગલીઓમાં ફરવા નીકળ્યા હતા. આ દરમિયાનની તેમની તસવીરો મિની માથુરે શેર કરી હતી.

તેઓ ગ્રેફિટીવાળી દિવાલો સામે ઊભા રહીને ફોટો ક્લિક કરતાં દેખાયાં હતાં. આ તસવીરો શેર કરતાં મિનીએ લખ્યું હતું,'મેલબર્ન સ્ટ્રીટ પોઝર્સ'. જેમાં ઘણા સેલેબ્ઝે રિએક્શન અને કમેન્ટ્સ પણ આપ્યાં હતાં. આ ફેસ્ટિવલ શરૂ થયો તે પહેલાં એક પ્રેસ કોન્ફરન્સ પણ યોજાઈ હતી, જેમાં શૂજિત સરકાર, રિમા દાસ, આદર્શ ગૌરવ, લક્ષ્ય અને સોના મોહપાત્રા હાજર રહ્યાં હતાં.

આ ફેસ્ટિવલના ઉદ્‌ઘાટનમાં કરણ જોહરે કહ્યું હતું,'હું ઓપનિંગ નાઈટની ફિલ્મ જોવા ઘણો ઉત્સુક છું. કારણ કે બીજા ફેસ્ટિવલ્સ કરતાં આઈએફએફએમ જેના કારણે અલગ પડે છે તે એ છે કે આ ફેસ્ટિવલ વૈવિધ્યસભર ફિલ્મો માટે જાણીતો છે.

' કાર્તિક ફેસ્ટિવલ બીજી વખત માણી રહ્યો છે, તેણે કહ્યું,'આ વર્ષે પણ ફેસ્ટિવલમાં હાજરી આપીને હું ખુબ ઉત્સુક છું સાથે જ આ વર્ષની ફિલ્મો જોવા પણ આતુર છું.' ૨૫ ઓગસ્ટ સુધી ચાલનારા આ ફેસ્ટિવલમાં વિવિધ ભાષાની ભારતીય ફિલ્મો રજૂ થઈ રહી છે.

# કોલકાતા ડોક્ટર રેપ કેસ પર રણદીપ હુડ્ડાનો ગુસ્સો ફાટી નીકળ્યો, કહ્યું- બહુ થયું બસ




કોલકતા,તા.૧૭

કોલકાતાના ડૉક્ટરની બળાત્કાર-હત્યાથી સમગ્ર દેશ આઘાતમાં છે. આ ગુના અંગે દરેક લોકો પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. અભિનેતા રણદીપ હુડ્ડાએ હાલમાં જ આ અંગે નિરાશા વ્યક્ત કરી છે. ડૉક્ટરોના પરિવારમાંથી આવતા રણદીપે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે આ ભયંકર અપરાધથી તેની કરોડરજ્જુમાં કંપારી આવી ગઈ છે. રણદીપ પહેલા આલિયા ભટ્ટ, કરણ જોહર, આયુષ્માન ખુરાના અને ટ્વિંકલ ખન્ના સહિતના ઘણા સ્ટાર્સે તેની નિંદા કરી હતી.

રણદીપ હુડ્ડાએ લખ્યું, 'અમારા સમાજમાં વારંવાર બનતી ભયાનકતા જોઈને હું આઘાત અને વિચલિત થઈ ગયો છું. ડૉક્ટરોના પરિવારમાંથી આવે છે અને મારી બહેન પણ ડૉક્ટર છે, આ ઘટના મને હંફાવી દે છે. હવે બહુ થયું. તબીબી વ્યાવસાયિકોને ચોક્કસપણે સુરક્ષિત રાખવાની જરૂર છે. પરંતુ શિકારીઓ વ્યવસાય તરફ જોતા નથી. આ એક સામાજિક પરિવર્તન હોવું જોઈએ, જે ફક્ત તે લોકો પૂરતું મર્યાદિત નથી જેઓ હું લખું છું તે ભાષા સમજે છે.

તેણે આગળ લખ્યું, 'પ્રથમ અને તાત્કાલિક પગલું ઝડપી અને કઠોર સજા લાદવાનું હોઈ શકે છે. તે સજાને મીડિયા/સોશિયલ મીડિયામાં દુઃખદ ઘટના જેટલી કવર કરવી જોઈએ અને તેનો પ્રચાર કરવો જોઈએ, જો વધુ નહીં. તેમણે કહ્યું કે તેઓ ન્યાયની માંગમાં પરિવારની સાથે છે. રણદીપે લખ્યું, 'જઘન્ય અપરાધો માટે વધુ સખત સજા થવી જોઈએ. આ મુશ્કેલ સમયમાં હું ન્યાય માટે પરિવાર અને ડૉક્ટર બિરાદરીની સાથે ઉભો છું. મારી સંવેદના છોકરીના પરિવાર સાથે છે. ઓમ શાંતિ.'

નોંધનીય છે કે ૯ ઓગસ્ટ શુક્રવારે કોલકાતાની સરકારી આરજી હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટર પર બળાત્કારનો મામલો સામે આવ્યો હતો. તેણીનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. તેણી નગ્ન અવસ્થામાં મળી આવી હતી અને તેના શરીર પર અનેક ઈજાઓ હતી. આ કેસ બાદ દેશભરમાં ડોક્ટરો અને વિવિધ હોસ્પિટલોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.



ફેમસ ટીવી એક્ટ્રેસ અવનીત કૌરે તાજેતરમાં તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક ખૂબ જ હોટ અને બોલ્ડ તસવીરો શેર કરી છે.જાંબલી રંગની ટ્રાન્સપરન્ટ સાડી પહેરી છે,અવનીતે તેના લુકને પૂર્ણ કરવા માટે મેચિંગ બ્લાઉઝ, લાઈટ મેકઅપ અને ખુલ્લા વાળ પસંદ કર્યા છે.



મેઘા શુક્લાએ તાજેતરમાં જ પોતાની બોલ્ડ તસવીરોથી ઈન્સ્ટાગ્રામની દુનિયામાં હલચલ મચાવી દીધી છે.અભિનેત્રી મેઘા શુક્લા અવારનવાર પોતાની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. તાજેતરમાં અભિનેત્રી ખૂબ જ બોલ્ડ દેખાતી હતી.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને દિલ્હી હાઈકોર્ટથી મળી રાહત, ગેરકાયદે રીતે ઉપયોગમાં લેવાતા કન્ટેન્ટ પર પ્રતિબંધ




નવીદિલ્હી,તા.૧૭

દિલ્હી હાઈકોર્ટે લોકપ્રિય ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના નામ, પાત્રો અને સામગ્રીના ગેરકાયદેસર ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તમને જણાવી દઈએ કે આ શો ટીવી પર ૧૬ વર્ષથી વધુ સમયથી બતાવવામાં આવી રહ્યો છે અને લગભગ ચાર હજાર એપિસોડ પૂરા થઈ ચૂક્યા છે. શોના નિર્માતાઓએ આરોપ લગાવ્યો છે કે ઘણી કંપનીઓ તેના નામ, પાત્રોની છબીઓનો ઉપયોગ વેબસાઈટ્સ ચલાવીને, કન્ટેન્ટ વેચીને અને યુટ્યુબ પર 'અશ્લીલ' વિડિયો પ્રકાશિત કરીને વ્યવસાયિક લાભ માટે કરી રહી છે. શોના નિર્માતા દ્વારા દાખલ કરાયેલા દાવા પર ઘણી જાણીતી અને અજાણી સંસ્થાઓ સામે પસાર કરવામાં આવેલા વચગાળાના આદેશમાં, ન્યાયમૂર્તિ મીની પુષ્કર્ણાએ કહ્યું કે જો આ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં નહીં આવે, તો વાદીને નોંધપાત્ર નુકસાન થશે. વાદી 'નીલા ફિલ્મ પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડ'એ જણાવ્યું હતું કે તેમના શો અને તેના પાત્રો સંબંધિત ભારતમાં નોંધાયેલા કેટલાંક ટ્રેડમાર્ક પર તેમની પાસે વૈધાનિક અધિકારો છે, જેમાંથી કેટલાક ટ્રેડમાર્ક્સ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા', 'ઉલ્ટા ચશ્મા', 'તારક' છે. મહેતા', 'જેઠાલાલ', 'ગોકુલધામ' વગેરે.

આ કેસમાં, કોર્ટને કહેવામાં આવ્યું હતું કે વાદી તેના વિવિધ પાત્રો અને એનિમેશનનો કોપીરાઈટ ધરાવે છે, પરંતુ કેટલીક સંસ્થાઓ વેબસાઈટ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા શોના પાત્રોની છબીઓ અને સંવાદો ધરાવતા ટી-શર્ટ્સ, પોસ્ટરો અને સ્ટીકરોનું ગેરકાયદે વેચાણ કરી રહી છે. જેમ કે માલ વેચવો. તેણે એવો પણ દાવો કર્યો હતો કે સામગ્રી એઆઈ અથવા કેરેક્ટર્સની ડીપ ફેક, તેમજ વિડિયો ગેમ્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી.

કોર્ટે ૧૪ ઓગસ્ટે એક આદેશ આપ્યો હતો, જે હેઠળ હવે વાદીની કોઈપણ સામગ્રી અથવા શીર્ષક અથવા પાત્ર એટલે કે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' અન્ય કોઈપણ વેબસાઈટ પર વેચાણ માટે ઓફર કરી શકાશે નહીં. કોર્ટે વધુમાં આદેશ આપ્યો હતો કે યુટ્યુબ વિડીયો, જેમાં શોમાંથી પોર્નોગ્રાફિક સામગ્રી સહિત પાત્રો અથવા સામગ્રી દર્શાવવામાં આવે છે, તેને અપલોડ કરનારાઓ દ્વારા દૂર કરવાની જરૂર છે. કોર્ટે કહ્યું કે જો ૪૮ કલાકની અંદર વીડિયો દૂર કરવામાં નહીં આવે તો મંત્રાલય અને દૂરસંચાર વિભાગ સંબંધિત ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓને તમામ લિંક્સ અથવા વીડિયો સસ્પેન્ડ કરવાનું કહેશે.

# બિગ બોસ ૧૮માં જોવા મળશે 'મિસ્ટર એન્ડ મિસિસ સોઢી' ! મેકર્સે કર્યો સંપર્ક




મુંબઈ,તા.૧૭

સલમાન ખાન હોસ્ટેડ રિયાલિટી શો બિગ બોસ ૧૮ ટુંક સમયમાં શરૂ થવા જઈ રહ્યો છે. મેકર્સ દ્વારા વિવિધ સેલિબ્રિટીઝને એપ્રોચ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ યાદીમાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના સોઢી અને રોશનને પણ એપ્રોચ કરવામાં આવ્યા છે.

બિસ બોસ સાથે જોડાયેલા સોશિયલ મીડિયા પોર્ટલે જણાવ્યું છે કે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માં સોઢીનું પાત્ર ભજવી ચુકેલા એક્ટર ગુરુચરણ સિંહ અને રોશનનું પાત્ર ભજવી ચુકેલા એક્ટ્રેસ જેનિફર મિસ્ત્રીને બિગ બોસ ૧૮ની સિઝન માટે એપ્રોચ કરવામાં આવ્યા છે.જો કે હજુ સુધી તેઓ ભાગ લેશે કે નહિ તે અંગે કોઈ માહિતી સામે આવી નથી.

આ પોસ્ટ પર અનેક યુઝર પ્રતિક્રિયા આપી રહ્યા છે કે જો બિગ બોસ ૧૮ માં સોઢી દેખાશે તો આ શોને સારી ટીઆરપી મળશે. અન્ય એક ફોલોઅરે લખ્યું કે આ બંનેને અત્યારે સાચેમાં પૈસાની જરૂર છે. જો મેકર્સ તેમને બોલાવશે તો તેમના માટે સારી વાત છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ગુરુચરણસિંહ ઘરેથી ગાયબ થઈ ગયા હતા અને પાછા આવ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે તેમની ઉપર કરોડોનું દેવું છે. તેઓ કામ શોધી રહ્યા છે.



નેહા મલિકે બ્લેક લૂકમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ શાનદાર અંદાજમાં તસવીરો શેર કરી છે.નેહા મલિક બ્લેક લૂકમાં ખૂબ જ શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે.નેહા મલિક ભોજપૂરી ફિલ્મ એક્ટ્રેસ છે.



મોનાલિસા ભોજપૂરી ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ છે. મોનાલિસા દરેક લૂકમાં ખૂબ જ હોટ લાગે છે. હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર બોડીકોન લૂકમાં શાનદાર તસવીરો શેર કરી છે. અભિનેત્રીએ અલગ-અલગ અંદાજમાં શાનદાર પોઝ આપ્યા છે.

## SPORTS કોર્નર

# સીએસકેએ આગામી સિઝનમાં પણ ધોનીને રિટેન કરી શકે તેવી માંગ કરી




મુંબઈ,તા.૧૭

આઈપીએલ ૨૦૨૫ની મેગા ઓક્શન પહેલા રિટેન્શન પોલિસીને લઈને સતત ચર્ચા ચાલી રહી છે. બીસીસી આઈએ તાજેતરમાં લીગના ફ્રેન્ચાઈઝી માલિકો સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન મેગા ઓક્શન સમાપ્ત કરવા, ઈમ્પેક્ટ પ્લેયર અને રિટેન્શન પોલિસી અંગે ચર્ચા થઈ હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે બીસીસીઆઈને બેઠકમાં એક નિયમ લાવવાની માંગ કરી હતી, જેથી તેઓ આગામી સિઝનમાં પણ ધોનીને રિટેન કરી શકે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર,બીસીસીઆઈએ સીએસકેની માંગ સ્વીકારી લીધી છે.આઈપીએલમાં ધોનીને મેદાનમાં ઉતારવા માટે બોર્ડ મોટું પગલું ભરી શકે છે. જો બોર્ડ આવું કરે છે, તો મેગા ઓક્શન પહેલા સીએસકેને માટે સારા સમાચાર હશે.

આઈપીએલની પ્રથમ સિઝનમાં એક નિયમ લાવવામાં આવ્યો હતો. આ હેઠળ, કોઈપણ ફ્રેન્ચાઈઝી આંતર-રાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા ખેલાડીઓને અનકેપ્ડ ખેલાડીઓની શ્રેણીમાં ઓછા પૈસામાં ખરીદી શકે છે. આ માટે એક જ શરત હતી કે તેમની નિવૃત્તિને ૫ વર્ષ થઈ ગયા હોવા જોઈએ. આ નિયમ બીસીસીઆઈ દ્વારા ૨૦૨૧માં હટાવી દેવામાં આવ્યો હતો કારણ કે તેનો ક્યારેય ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. એક અહેવાલ મુજબ, ૩૧ જુલાઈએ યોજાયેલી બેઠકમાં ચેન્નાઈ એ તેના સૌથી મહત્વપૂર્ણ ખેલાડી ધોનીને રમાડવા માટે આ નિયમને પાછો લાવવાની માંગ કરી હતી, જો કે, ઘણી ઓછી ફ્રેન્ચાઈઝીએ આમાં સીએસકેનું સમર્થન કર્યું હતું. હવે આશા છે કે આ નિયમ પાછો આવશે. ખેલાડીઓના રેગ્યુલેશનની જાહેર-ાત કરતી વખતે બોર્ડ આની જાહેરાત કરી શકે છે. આઈપીએલની કેટલીક ટીમો મેગા ઓક્શન દૂર કરવા માંગે છે. પરંતુ ક્રિકબઝના અહેવાલ મુજબ, બીસ-ીસીઆઈ હાલના સમય માટે આને સમાપ્ત કરશે નહીં. જોકે આ અંગે ચર્ચા ચાલી રહી છે. આ સિવાય બોર્ડ મેગા ઓક્શન પહેલા ટીમોને વધુમાં વધુ છ ખેલાડીઓને રિટેન કરવાની મંજૂરી આપી શકે છે. આ સિવાય રાઈટ ટુ મેચ કાર્ડનો નિયમ પણ પાછો ખેંચી લેવામાં આવી શકે છે.

ધોનીએ હાલમાં જ આઈપીએલ ૨૦૨૫માં રમવા અંગે નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે તેના હાથમાં કંઈ નથી, બધું જ રિટેન્શનના નવા નિયમો પર નિર્ભર રહેશે. હાલમાં મેગા ઓક્શન પહેલા માત્ર ૪ ખેલાડીઓને રિટેન કરવાનો નિયમ છે. પરંતુ લેટેસ્ટ રિપોર્ટ અનુસાર અનકેપ્ડ કેટેગરી અને રિટેન્શનના નિયમોમાં ફેરફારના સમાચાર સામે આવી રહ્યા છે.

# સ્ટીવ સ્મિથ આગામી વર્ષે આઈપીએલમાં પુનરાગમન કરે તેવી સંભાવના




સિડની,તા.૧૭

ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન સ્ટીવ સ્મિથે તાજેતરમાં મેજર ક્રિકેટ લીગ (એમએલસી)માં શાનદાર દેખાવ કરતા આગામી વર્ષે આઈપીએલમાં પુનરાગમન કરે તેવી સંભાવના છે. ૩૫ વર્ષીય તાજેતરમાં ટી૨૦ વર્લ્ડ કપ તેમજ સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસમાં ઓસ્ટ્રેલિયન ટીમમાં સામેલ નહીં કરીને સ્મિથની અવગણના કરવામાં આવી હતી. સ્મિથે એમએલસી ફાઈનલમાં વોશિંગ્ટન ફ્રીડમ તરફથી રમતા મજબૂત દેખાવ સાથે ટીમને ટાઈટલ જીતાડ્યું હતું.

સ્મિથે ટુર્નામેન્ટમાં ૧૪૮.૬૭ની સ્ટ્રાઈક રેટથી કુલ ૩૩૬ રન ફટકાર્યા હતા અને તે સર્વોચ્ચ રન કરનાર બેટ્સમેન રહ્યો હતો. ફાઈનલમાં સ્મિથે સેન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ સામે ૫૨ બોલમાં ૮૮ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. સામેની ટીમમાં ઓસ્ટ્રેલિયન સુકાની પેટ કમિન્સ અને પાકિસ્તાનનો હારિસ રઉફ જેવા બોલર્સ સામે પણ તેણે મક્કમ લડત આપી હતી અને ફાઈનલમાં મેન ઓફ ધ મેચ બન્ હતો.

ફોક્સ ક્રિકેટ સાથે વાતચીતમાં સ્મિથે જણાવ્યું કે, હું આઈપી એલમાં વધુ એક તક માટે આતુર છું. હું હરાજીમાં મારું નામ નોંધાવીશ અને જોઈએ શું થઈ શકે છે. મારા મતે તાજેતરમાં ટી૨૦ ક્રિકેટ અને ફ્રેન્ચાઈઝ ક્રિકેટમાં મને મળેલી તકમાં મે સારો દેખાવ કર્યો છે. હું આશા સાથે ઓક્શનમાં મારું નામ સામેલ કરાવીશ. સ્મિથ ૨૦૨૧થી આઈપીએલમાં રમ્યો નથી અને ગત બે ઓક્શનમાં તે વણવેચાયેલો રહ્યો હતો.

# યુવરાજ સિંહ કેમ બનશે ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ? જાણો તેના ૩ મોટા કારણો




ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ તરીકે આશિષ નેહરા ખૂબ જ સફળ રહ્યા છે, પરંતુ માનવામાં આવે છે કે તેમનો કાર્યકાળ લંબાવવામાં આવશે નહીં. આ સાથે જ યુવરાજ સિંહ ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ બની શકે છે. ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ આશિષ નહેરાનો કાર્યકાળ પૂરો થવા જઈ રહ્યો છે. આશિષ નેહરા ના કોચિંગ હેઠળ ગુજરાત ટાઈટન્સ IPL 2022માં ચેમ્પિયન બની હતી. તે જ સમયે, આ પછી તે IPL 2023 માં રનર અપ બની હતી. પરંતુ IPL 2024 કંઈ ખાસ નહોતું. આ સિઝનમાં આશિષ નેહરા ના કોચિંગ અને શુભમન ગિલની કેપ્ટન્સીમાં ગુજરાત ટાઈટન્સ આઠમા સ્થાને રહી હતી. જો કે, એકંદરે, આશિષ નેહરા મુખ્ય કોચ તરીકે સફળ રહ્યા છે, પરંતુ માનવામાં આવે છે કે તેમનો કાર્યકાળ લંબાવવામાં આવશે નહીં.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુવરાજ સિંહ ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ બની શકે છે. આશિષ નેહરાના સ્થાને યુવરાજ સિંહને મુખ્ય કોચ બનાવવામાં આવી શકે છે. જો કે, અમે તમને તે ૩ મોટા કારણો જણાવીશું જેના કારણે યુવરાજ સિંહનો દાવો ખૂબ જ મજબૂત માનવામાં આવે છે. યુવરાજ સિંહ અને આશિષ નેહરા વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત છે. બંને લાંબા સમયથી સારા મિત્રો છે. તેમજ યુવરાજ સિંહ અને આશિષ નેહરા ભારતીય ટીમ માટે લાંબા સમય સુધી રમ્યા હતા. જો કે, એવું માનવામાં આવે છે કે જો આશિષ નેહરા મુખ્ય કોચ પદ પરથી હટી જાય છે તો યુવરાજ સિંહને મુખ્ય કોચ બનાવવામાં આવી શકે છે.

યુવરાજ સિંહે ૨૦૧૯માં પ્રોફેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. પરંતુ તે પહેલા તેણે IPLની ૧૩૨ મેચ રમી હતી. જ્યારે IPL શરૂ થયું ત્યારે યુવરાજ સિંહ પંજાબ કિંગ્સનો કેપ્ટન હતો. એવું માનવામાં આવે છે કે યુવરાજ સિંહની નેતૃત્વ ગુણવત્તા સારી છે. તેમજ તે એક માર્ગદર્શકની ભૂમિકા પણ સારી રીતે નિભાવી શકે છે.

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ અને યુવરાજ સિંહ બંને પંજાબના છે. આ સિવાય યુવરાજ સિંહ શુભમન ગિલને માર્ગદર્શન આપી રહ્યો છે. બંને વચ્ચેના સંબંધો ખૂબ જ સુમેળભર્યા છે. જો કે જો યુવરાજ સિંહ કોચ બનશે તો તે પ્રથમ વખત કોચની ભૂમિકામાં જોવા મળશે.

# અમદાવાદ હોમગાર્ડના કર્મીને રાષ્ટ્રપતિ એવોર્ડ થી સન્માનિત કરાયા

અમદાવાદ, તા.૧૭

કચ્છ જિલ્લા ખાતે ૧૯૮૬માં કલેકટર કચેરી તથા જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડની કચેરીમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવી ચુકેલા અને હાલ સાબરકાંઠા જિલ્લાના તલોદ (રમોસ) ના વતની ગોવિંદ.કે.પ્રજાપતિ, ઈન્ચાર્જ જુનિયર સ્ટાફ ઓફિસર તરીકે હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. તેમની સરકારી સેવામાં લાંબી અને પ્રશંસનીય કામગીરી બદલ ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ મહામહિમ રાષ્ટ્રપતિનો એવોર્ડ જાહેર કરાયો હતો જે ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે ડાયરેક્ટર જનરલ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય મનોજ અગ્રવાલ (આઈપીએસ) દ્વારા હોમગાર્ડ ભવન ખાતે એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યુ હતુ વધુમાં ગોવિંદ પ્રજાપતિને અગાઉ સારી



કામગીરી બદલ ૨૬ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ માનનીય મુખ્યમંત્રીના હસ્તે પણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

# અમિત શાહ આવતીકાલે અમદાવાદની મુલાકાતે

અમદાવાદ,તા.૧૭


શહેરના પશ્ચિમ વિસ્તાર એવા પ્રહલાદનગર વિસ્તારને વધું એક સુવિધા મળવા જઈ રહી છે. આવતીકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મકરબામાં નવનિર્મિત સ્વિમીંગ પુલ અને જીમનેશિયમને ખુલ્લું મૂકશે. સ્વિમિંગ પુલ અને જીમ્નેશિયમ આધુનિક સુવિધા સાથે સજ્જ છે. જે આસપાસના વિસ્તારના લોકો માટે ખૂબ જ સારી સુવિધા અને ઉપયોગી બનશે. આ સ્વિમિંગ પુલની ખાસ સુવિધાઓની વાત કરીએ તો અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પોશ વિસ્તાર પ્રહ્લાદનગર ખાતે નવનિર્મિત સ્વિમીંગ પુલનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યુ છે આધુનિક સુવિધા સાથે બનેલ સ્વિમીગ પુલ મકરબા સહિત આસપાસના વિસ્તાર માટે ઘણું ઉપયોગી બની જશે.

બિલ્ડીંગ પ્રોજકેટ અંતર્ગત દક્ષિણ પશ્ચિમ ઝોનમાં સરખેજ વોર્ડમાં મકરબા ખાતે, ટી.પી.સ્કીમ નં. ૨૬નાં ફાઈનલપ્લોટ નં.૬૦ માં સ્વીમીંગ પુલ, ચેજીંગ રૂમ, લોકર, ટોઈલેટ, ઈન્સ્ટ્રકટર અને ઈક્વાયરી/રજીસ્ટ્રેશન ઓફિસ, તથા સ્પોટર્સને લાગતી અન્ય એકટીવીટી કરવા તથા જીમ્નેશીયમ અને સંલગ્ન પાર્કીંગ એરીયા ડેવલપ કરવામાં આવેલ છે.

# 'નાના' યાત્રાધામો 'મોટો' વિકાસ


## ગુજરાત સરકાર દ્વારા મુખ્ય યાત્રાધામોની ફરતે આવેલા નાના-નાના યાત્રાધામોનો ૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસ કાર્યો હાથ ધરાયા

## કચ્છમાં માતાના મઢ યાત્રાધામ અંદાજે ૩૨.૭૦ કરોડ અને નારાયણ સરોવર ખાતે ૩૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે










ગાંધીનગર તા.૧૭

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે સતત વિકાસ કરી રહ્યું છે. ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન સ્થળો અને તીર્થસ્થાનો નું વિશેષ મહત્વ રહેલું છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, તેમાં ધાર્મિક પ્રવાસનનો ખૂબ મોટો ફાળો છે, અને તે જોતાં રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના સોમનાથ,અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોના વિકાસ ઉપરાંત, રાજ્ય સરકાર નાના-નાના યાત્રાધામોનો પણ જબરદસ્ત વિકાસ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર દેશમાં ધાર્મિક પ્રવાસનને મોટું પ્રોત્સાહન આપી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પણ વડાપ્રધાનના પ્રયત્નોમાં પોતાનું યોગદાન આપી રહી છે, રાજ્ય સરકારે નાના-નાના યાત્રાધામો ખાતે કુલ અંદાજે રૂ.૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું આયોજન હાથ ધર્યું છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર.રાવલ જણાવે છે કે, રાજ્યના તમામ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમાં માત્ર મંદિરોનો જ વિકાસ નહીં, પરંતુ મંદિર પરિસરની સાથે-સાથે સમગ્ર યાત્રાધામનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેથી આગામી ૨૦/૨૫ વર્ષોના વિઝન પ્રમાણે આવનાર પ્રવાસીઓની ગણતરીને ધ્યાનમાં લઈને યાત્રાધામોના વિકાસનો નકશો બનાવી શકાય, આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા એ રીતનો વિકાસ કરવામાં આવી રહ્યો છે જેથી મંદિર કે યાત્રાધામ માત્ર વરિષ્ઠ નાગરિકો માટે જ હોય એવું ન લાગે, પણ તમામ વયજૂથના લોકોને યાત્રાધામ પોતાનું લાગે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ધાર્મિક સ્થળોએ થઈ રહેલા વિકાસકાર્યોની વિગતો આપતા બોર્ડના સચિવ શ્રી રાવલે ઉમેર્યું હતું કે, રાજ્યના મોટા યાત્રાધામોની ફરતે આવેલા નાના યાત્રા ધામો ખાતે કુલ ૧૬૩ વિકાસ કાર્યો રૂા.૮૫૭.૧૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ૬૫૫ કરોડથી વધુના ખર્ચે ૭૬ વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે. ઉપરાંત, ૭૦.૧૯ કરોડ ના ખર્ચે ૫૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૫૨.૦૮ કરોડના ૨૪ કામો આયોજનના તબક્કામાં છે. ૭૯.૧૦ કરોડના ૬ કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યના મહત્વના અંબાજી-બહુચરાજી જેવા યાત્રાધામોની આસપાસ આવેલા યાત્રાધામોનો ૨૧૬.૫૧ ના ખર્ચે વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ પૈકી, માસ્ટર પ્લાનિંગની કાર્યવાહી હેઠળ અંબાજીની આસપાસ આવેલ યાત્રાધામોનો ૧૩૫.૫૧ કરોડના ખર્ચે વિવિધ પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસકાર્યો માં, ૩ કરોડના ખર્ચે કોટેશ્વર મહાદેવ મંદિરના પહેલા તબક્કાના વિકાસકાર્યો પૂર્ણ થઈ ચૂક્યા છે, રીંછડિયા મહાદેવ અને તેની પાસે આવેલા તળાવનું ૫૩.૯૫ કરોડના ખર્ચે બ્યુટિફિકેશનનું કામ અને તેલિયા ડેમ ખાતે ૧૨.૧૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે, આ સાથે જ, કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે બીજા તબક્કાના કાર્યો, કામાક્ષી મંદિર અને કુંભારિયાજી જૈન તીર્થ તથા અન્ય ધાર્મિક સ્થળો ખાતે કુલ અંદાજિત ૩૩ કરોડના ખર્ચના વિકાસકાર્યો આયોજન હેઠળ છે. કેન્દ્ર સરકારની 'પ્રસાદ યોજના' હેઠળ ૩૩.૪૬ કરોડના ખર્ચે પ્રવાસી સુવિધા કેન્દ્ર જેવા વિકાસકાર્યો પણ પ્રગતિ હેઠળ છે. અંબાજી ઉપ રાંત, યાત્રાધામ બહુચરાજીના માસ્ટર પ્લાનિંગ હેઠળ ૮૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો આયોજન હેઠળ છે. પાવાગઢ યાત્રાધામ અને તેની આસપાસના તીર્થક્ષેત્રોમાં અંદાજે ૧૮૭.૪૯ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે અને માંચી ચોક ખાતે ૧૨.૯૧ કરોડના વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. તેમાં ઑફિસ બ્લૉકનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફ્લોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, પ્રવેશ દ્વાર, જેવા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ચાંપાનેરમાં અંદાજિત ૪૨ કરોડના ખર્ચે રોડ-રસ્તા અને પાર્કિંગના વિવિધ વિકાસકાર્યો શરૂ કરવામાં આવશે. પાવાગઢ ખાતે આવેલ વડા તળાવ પાસે ૧૧.૫૮ કરોડના ખર્ચે ટેન્ટ સિટી બનાવવામાં આવશે.

### પોરબંદર, કચ્છ, દ્વારકા, સિદ્ધપુર ખાતે વિકાસ કાર્યો

પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને પાટણ જિલ્લામાં ૩૧૮.૧૩ કરોડના ખર્ચે યાત્રાધામોનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. પોરબંદરમાં માધવપુર સ્થિત કૃષ્ણ-રૂક્ષ્મણિ યાત્રાધામ ખાતે ૪૨.૪૩ કરોડ, કચ્છમાં માતાનામઢ યાત્રાધામ ખાતે અંદાજે ૩૨.૭૦ કરોડ અને નારાયણ સરોવર ખાતે ૩૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે દેવભૂમિ દ્વારકામાં દ્વારકા કૉરિડોરનો ભવ્ય પ્રોજેક્ટ વિચારાધીન છે. તદ્ઉપરાંત; બેટ દ્વારકાના વિકાસ માટે ૧૫૫૫ કરોડનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરાયું છે, તેમજ ૨૫ કરોડના વિવિધ વિકાસ કાર્યો પ્રગતિમાં છે. બીજી તરફ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે ૩૩ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે.

### હાઈકોર્ટનો નિર્ણય સાબિત કરે છે કે સરકારે પોતાનું કામ ઈમાનદારીથી કર્યું નથી

# બસપા પ્રમુખ માયાવતીએ ૬૯૦૦૦ શિક્ષક ભરતી કૌભાંડ પર આકરા પ્રહારો કર્યા

લખનૌ,તા.૧૭

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે યુપીમાં ૬૯૦૦૦ સહાયક શિક્ષકની ભરતી કૌભાંડને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો. કોર્ટે સમગ્ર મેરિટ યાદીને ફગાવી દીધી હતી અને સરકારને ત્રણ મહિનામાં નવી મેરિટ યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો, જે મૂળભૂત શિક્ષણ નિયમો અને અનામતના નિયમોનું પાલન કરશે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ યુપીમાં રાજકારણ ગરમાયું છે.

હાઈકોર્ટના આ નિર્ણય બાદ બસપા સુપ્રીમો માયાવતીએ યોગી સરકાર પર પ્રહારો કર્યા છે. માયાવતીએ કહ્યું કે ૨૦૧૯માં પસંદ કરાયેલા ૬૯ હજાર શિક્ષક ઉમેદવારોની મેરિટ લિસ્ટને રદ કરીને ત્રણ મહિનામાં નવી યાદી બનાવવાનો હાઈકોર્ટ નો નિર્ણય સાબિત કરે છે કે સરકારે પોતાનું કામ ઈમાનદારીથી કર્યું નથી.



આ કિસ્સામાં, એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ખાસ કરીને અનામત શ્રેણી સાથે જોડાયેલા પીડિતોને ન્યાય મળે.

બસપા ચીફે વધુમાં કહ્યું કે, સરકારી નોકરીઓની ભરતીમાં પેપર લીકના મામલામાં યુપી સરકારનો રેકોર્ડ પણ સાફ નથી, જેના કારણે આ મુદ્દો ખૂબ ચર્ચામાં રહ્યો છે. હવે મદદનીશ શિક્ષકોની યોગ્ય પુનઃસ્થાપનાના અભાવે શિક્ષણ વ્યવસ્થા પર તેની વિપરીત અસર પડે તે સ્વાભાવિક છે. સરકાર આ બાબતે ધ્યાન આપે તે જરૂરી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ આ મુદ્દે સરકારને ઘેરી છે.

હાઈકોર્ટના નિર્ણય બાદ અખિલેશ યાદવે કહ્યું કે ૬૯,૦૦૦ શિક્ષકની ભરતીમાં પણ ભાજપના ગોટાળા, કૌભાંડો અને ભ્રષ્ટાચારનો શિકાર સાબિત થયા. આ અમારી માંગ છે કે નવી અને ન્યાયી યાદી બનાવવી જોઈએ, જેથી પારદર્શક અને ન્યાયી નિમણૂકો શક્ય બને અને રાજ્યમાં ભાજપના શાસનમાં જે શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી તે પાછી પાટા પર આવી શકે. અમે નવી યાદી પર સતત નજર રાખીશું અને ઉમેદવારો સાથે ખભે ખભા મિલાવીને ઊભા રહીશું જેથી કોઈ ઉમેદવારને કોઈ હક કે અન્યાય ન થાય.

યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે શિક્ષકોની ભરતીમાં અલ્હાબાદ હાઈકોર્ટનો નિર્ણય સામાજિક ન્યાયની દિશામાં આવકાર્ય પગલું છે. આ તે પછાત અને દલિત વર્ગના પાત્રોની જીત છે જેમણે પોતાના અધિકારો માટે લાંબો સંઘર્ષ કર્યો. હું તેમનું દિલથી સ્વાગત કરું છું.

# અમેરિકાએ ઈરાનને આપી ચેતવણી, ઈઝરાયલ પર હુમલો કરે તો ભયાનક પરિણામ ભોગવવા પડશે

વોશિગ્ટન,તા.૧૭

અમેરિકાના એક અધિકારીએ ચેતવણી આપી છે કે જો ઈરાન ઈઝરાયેલ પર હુમલો કરશે તો તેને ભયાનક પરિણામો ભોગવવા પડશે. સાથે જ ચેતવણી પણ આપી છે કે આનાથી ગાઝા યુદ્ધવિરામ તરફ ચાલી રહેલી મંત્રણા પાટા પરથી ઉતરી જશે. તમને જણાવી દઈએ કે, ગત મહિનાના છેલ્લા દિવસે ઈરાનની રાજધાની તેહરાનમાં હમાસની રાજકીય શાખાના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા કરવામાં આવી હતી. હાનિયાના મોત માટે ઈઝરાયેલને વધુને વધુ જવાબદાર ગણવામાં આવી રહ્યું છે. જોકે, ઈઝરાયેલે હજુ સુધી જવાબદારી સ્વીકારી નથી.

એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ નામ ન આપવાની શરતે પત્રકારોને જણાવ્યું હતું કે, 'યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાનીઓને પ્રોત્સાહિત કરશે, અને હું જાણું છું કે ઘણા લોકો અગાઉથી તે માર્ગે જવા માંગતા નથી, કારણ કે તેના પરિણામો તદ્દન વિનાશક હોઈ શકે છે, ખાસ કરીને ઈરાન માટે. .તે જ સમયે, રાષ્ટ્રપતિ જો બિડેને શુક્રવારે કહ્યું કે કતારમાં બે દિવસની મંત્રણા પછી ગાઝામાં યુદ્ધવિરામની આશા નજીક દેખાઈ રહી છે.

અમેરિકન અધિકારીએ કહ્યું, 'તે ઈરાનનો પ્રતિનિધિ હમાસ હતો જેણે ૭ ઓક્ટોબરે આ યુદ્ધ શરૂ કર્યું



હતું. હવે, તે વ્યંગાત્મક હશે જો ઈરાને એવું કંઈક કર્યું કે જેણે વ્યાપક યુદ્ધવિરામ અને બંધક મુક્તિ કરારની શ્રેષ્ઠ તકને પાટા પરથી ઉતારી દીધી.ઈરાને ઈરાને ઈઝરાયેલને તેહરાનમાં ૩૧ જુલાઈના હુમલાનો જવાબ આપવાની ચેતવણી આપી છે. આ હુમલામાં હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હાનિયાનું મોત થયું હતું.

ઈઝરાયેલના વિદેશ મંત્રી કાત્ઝે શુક્રવારે પોતાના બ્રિટિશ અને ફ્રેન્ચ સમકક્ષો સાથેની સંયુક્ત બેઠકમાં કહ્યું કે જો ઈસ્લામિક રિપબ્લિક ઈઝરાયેલ પર હુમલો કરે છે તો તે કોઈપણ દેશની અંદર ઘૂસીને હુમલો કરવા સક્ષમ છે. કાત્ઝની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા, યુએસ અધિકારીએ માત્ર એટલું જ કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન અને ફ્રાન્સ સાથે, દરેક સંભવિત પગલા માટે તૈયારી કરી રહ્યું છે. "અમે ઈઝરાયેલને બચાવવા માટે જે પણ જરૂરી છે તે કરીશું," તેમણે કહ્યું.૭ ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયેલમાં થયેલા આતંકવાદી હુમલામાં ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવાયા હતા. ઈઝરાયેલ પર હુમલો કરનાર હમાસ જૂથનું નેતૃત્વ યાહ્યા સિનવારે કર્યું હતું.

તમને જણાવી દઈએ કે હમાસની રાજકીય શાખાના વડા ઈસ્માઈલ હાનિયાની ઈરાનની રાજધાની તેહરાનમાં હત્યા કરવામાં આવી હતી. ઈઝરાયેલ પર ઈસ્માઈલ હાનિયાની હત્યાનો આરોપ છે. જો કે ઈઝરાયેલે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. ઈસ્માઈલ હાનિયાને અમેરિકાએ વર્ષ ૨૦૧૮માં આતંકવાદી જાહેર કર્યો હતો.

ઈસ્માઈલ હાનિયા હમાસની રાજકીય પાંખના વડા હતા. ૨૦૦૬માં પેલેસ્ટિનિયન સામાન્ય ચૂંટણીમાં હમાસની જીત બાદ સંગઠનમાં હાનિયાનો પ્રભાવ વધવા લાગ્યો.

# અમદાવાદમાં ૫૦૦થી વધારે હોસ્પિટલના તબીબો હડતાળ પર

અમદાવાદ,તા.૧૭

દેશભરમાં કોલકાતામાં ટ્રેઈની ડૉક્ટર દુષ્કર્મ અને હત્યાનો વિરોધ થઈ રહ્યો છે. જેના પગલે અમદાવાદના તબીબોએ પણ હડતાળ પર ઉતર્યા છે. અમદાવાદની ૨૭ નામાંકીત હોસ્પિટલ તબીબો કામકાજથી અળગા રહ્યાં છે. કોર્પોરેટ તેમજ ખાનગી ૫૦૦ જેટલી હોસ્પિટલના તબીબોએ હડતાળ કરી રહ્યાં છે. ૧૫ હજારથી વધુ ઓપીડી બંધ રહેતા દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અમદાવાદની હોસ્પિટલોમાં ઈમરજન્સી સેવા ચાલુ રાખવામાં આવે તેવી શક્યતા છે. અમદાવાદ મેડિકલ એસોસિયેશન દ્વારા પણ રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# કમલા પર વ્યક્તિગત શાબ્દિક હુમલાનો અધિકાર : ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિગ્ટન,તા.૧૭

ડેમોક્રેટિક પાર્ટીએ અમેરિકાના ઉપપ્રમુખ કમલા હેરિસને પ્રેસિડેન્ટ પદ માટેના ઉમેદવાર જાહેર કર્યા ત્યારથી હરીફ ડોનાલ્ડ ટ્રમ્પે હેરિસ પર આક્રમક વ્યક્તિગત હુમલા શરૂ કર્યા છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, તેમને વ્યક્તિગત શાબ્દિક હુમલા કરવાનો અધિકાર છે અને તે કમલા હેરિસ માટે ખાસ માન ધરાવતા નથી. ટ્રમ્પે સાથીઓ દ્વારા કમલા પર વ્યક્તિગત હુમલા ઘટાડી ચૂંટણી પ્રચારમાં નીતિવિષયક મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહને ફગાવી દીધી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'ફુગાવાથી માંડી ઈમિગ્રેશનના મુદ્દે બાઈડેન સરકારની નીતિને કારણે મને વાઈસ પ્રેસિડેન્ટ હેરિસ પર રોષ છે. મને તેમની બુદ્ધિમત્તા માટે બહુ માન નથી. તે બહુ ખરાબ પ્રેસિડેન્ટ હશે. એટલે અમારા માટે જીતવું બહુ જરૂરી છે. કમલા



પણ મારા પર વ્યક્તિગત હુમલા કરે છે.' ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'કમલાએ મારી અને અન્ય લોકો સામે ન્યાયતંત્રનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો.' ભૂતપૂર્વ હરીફ નિકી હેલીએ ટ્રમ્પને કમલા પરના વ્યક્તિગત હુમલા બંધ કરવા જણાવ્યું હતું. ટ્રમ્પે આ મુદ્દે પુછાયેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, 'હું સલાહ માટે આભાર માનું છું, પણ મારો ચૂંટણી પ્રચાર હું મારી રીતે કરીશ.'

# અમદાવાદમાં નિકોલમાં આવેલું ખાણીપીણી બજાર સીલ કરાયું

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના નિકોલમાં આવેલું ખાણીપીણી બજાર સીલ કરવામાં આવ્યું છે. સ્વચ્છતાના અભાવ અને મચ્છરના બ્રીડિંગના પગલે આ બજાર સીલ કરવામાં આવ્યું છે. સોલિડ વેસ્ટ વિભાગ અને હેલ્થ વિભાગે સંયુક્ત કામગીરી બજાવીને આ ઓપરેશન પાર પાડ્યું છે.

અમદાવાદમાં છેલ્લા કેટલાય સમયથી ફૂડમાંથી જીવાત મળી આવવાના કિસ્સાઓએ જોર પકડ્યુ છે. દિવસ પૂરો થતો નથી અને કોઈને કોઈ રેસ્ટોરા કે હોટેલની ફૂડમાંથી જીવાત મળી આવે છે. ચોમાસામાં આમ પણ જીવાત થતી જ હોય છે અને સ્વચ્છતા ન હોય ત્યાં વધારે પ્રમાણમાં જીવાત થતી હોય છે. આના પગલે આરોગ્ય વિભાગ પર સતત માછલા ધોવાતા હોવાથી આરોગ્ય વિભાગે પણ સ્વચ્છતા ન જાળવતા ફૂડ એકમો સામે ઝુંબેશ આદરી છે. આના જ ભાગરૂપે નિકોલમાં આવેલા ખાણી પીણી બજારને સીલ મારી દેવાયું છે. જો કે ખાણીપીણીના શોખીનોએ ચિંતા કરવાની જરૂર નથી. આરોગ્ય વિભાગની માર્ગદર્શિકાનું પાલન કરતાં અને દંડ ભરતાં જ આ બજાર ખૂલી જશે.

આમ છતાં પણ ચોમાસા જેવી સીઝનમાં લોકો અને ખાસ કરીને બાળકો બહારનું ન ખાય તે ઘણુ સારુ છે. આપણા શાસ્ત્રોમાં ચોમાસામાં તો શાકભાજી ખાવાની પણ ના પાડવામાં આવી છે. એટલે તો ચાતુર્માસ અને શ્રાવણ માસનો મહિમા છે. આ સંજોગોમાં જો લોકો ચાર મહિના સંયમ પાળે તો તેમને બાકીના આઠ મહિના શાંતિથી નીકળી જાય, નહીં તો કેટલાય લોકોનો મંદવાડ ચોમાસાથી જ શરૂ થાય છે. આથી જો ખાણીપીણીના શોખીન હોવ તો કમસેકમ ચોમાસામાં બ્રેક મારવી જરૂરી છે. આમ કરશો તો જ વર્ષનો બાકીનો સમય તમે બહારનું ખઈ શકશો.

# ભારત સાથે દ્વિપક્ષીય વેપાર નહીં'; પાકિસ્તાન, બાંગ્લાદેશની ઘટના સાથે સંબંધ નથી

ઈસ્લામાબાદ,તા.૧૭

પાકિસ્તાને કહ્યું હતું કે ઓગસ્ટ ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરમાં વિશેષ દરજ્જો નાબૂદ કર્યા પછી પણ ભારત સાથે સ્થિતિ એવી જ છે. આ કારણે બંને વચ્ચે દ્વિપક્ષીય સંવાદ અને વેપાર થયો નથી.મીડિયા સાથે વાત કરતા, પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે કહ્યું કે કાશ્મીરમાં ઓગસ્ટ ૨૦૧૯ના વિકાસને પગલે, પાકિસ્તાન દ્વારા દ્વિપક્ષીય વેપારને સ્થગિત કરવા સહિત અનેક પગલાં લેવામાં આવ્યા હતા. "તે સ્થિતિ હજુ પણ યથાવત છે. હાલમાં પાકિસ્તાન અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપારને લઈને કોઈ વાતચીત થઈ રહી નથી," તેમણે કહ્યું.

૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ ભારતે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યા પછી બંને દેશો વચ્ચેના સંબંધો બગડ્યા. ભારત હંમેશા પાકિસ્તાનને પુનરોચ્ચાર કરતું આવ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો દેશનો અભિન્ન અંગ છે અને રહેશે. ભારતે હંમેશા પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે કે તે પાકિસ્તાન સાથે સારા સંબંધો રાખવા માંગે છે. પરંતુ આ માટે પાકિસ્તાને આતંકવાદને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરવો પડશે.

સત્તાના કથિત દુરુપયોગ અંગે લશ્કરી અધિકારીઓની તાજેતરની



ધરપકડો પર ટિપ્પણી ન કરવાની યુએસની જાહેરાતને તે આવકારશે કે કેમ તે પૂછવામાં આવતા, બલોચે કહ્યું કે વિદેશી સરકારોએ પાકિસ્તાનની આંતરિક બાબતોમાં દખલ કરવાથી દૂર રહેવું જોઈએ.

પાકિસ્તાનમાં સૈન્ય અધિકારીઓની ધરપકડ પર અમેરિકા દ્વારા ટિપ્પણી ન કરવા પર, બલોચે કહ્યું કે તે તેનું સ્વાગત કરે છે. તેમણે એમ પણ કહ્યું કે વિદેશી સરકારોએ પાકિસ્તાનની આંતરિક બાબતોમાં દખલ કરવાનું ટાળવું જોઈએ.

મુમતાઝ ઝહરાએ કહ્યું, "હું એવા કોઈ નિવેદનને આવકારવા માંગતો નથી જેની કોઈ વિદેશી સરકાર પાસેથી અપેક્ષા પણ ન હોય. મેં ઘણા પ્રસંગોએ કહ્યું છે તેમ, પાકિસ્તાનની સ્થાનિક બાબતો પર કોઈ વિદેશી સરકારની ટિપ્પણી કરવાની જરૂર નથી. બલોચે બાંગ્લાદેશના મામલામાં દખલગીરીના પાકિસ્તાનના આરોપોને પણ ફગાવી દીધા હતા. "આવા આરોપોમાં બિલકુલ સત્ય નથી," તેમણે કહ્યું.

# યુપી પોલીસમાં ૨૦ ટકા દીકરીઓની ભરતી કરાશે : સીએમ યોગી

લખનૌ,તા.૧૭

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મોટી જાહેરાત કરી છે. સીએમ યોગીએ કહ્યું છે કે યુપીમાં પોલીસમાં ૬૦ હજાર યુવાનોની ભરતી કરવા માટે પરીક્ષા યોજાવા જઈ રહી છે. યાદ રાખો, ૬૦ હજાર ભરતીઓ થવાની છે. આમાં ૨૦ ટકા દીકરીઓની ભરતી કરવામાં આવશે જેથી તેઓ દર્દીઓની યોગ્ય સારવાર કરી શકે. આ સાથે જ સીએમ યોગી



આદિત્યનાથે નોકરીને લઈને કહ્યું છે કે હવે નોકરી કોઈપણ ભલામણ વગર મળી રહી છે. તમને કોઈપણ વ્યવહાર વિના નોકરી મળે છે.

યોગીએ કહ્યું કે રક્ષાબંધનના તહેવાર પછી યુપી પોલીસમાં એક સાથે ૬૦ હજારથી વધુ યુવાનોની ભરતી કરવામાં આવશે. આંબેડકર નગરમાં એક સભાને સંબોધતા યુપીના સીએમ યોગી આદિત્યનાથે કહ્યું, "૭ વર્ષ પહેલા ઉત્તર પ્રદેશને ભારતનું 'ડાર્ક સ્પોટ' માનવામાં આવતું હતું. એવું કહેવામાં આવતું હતું કે યુપી ભારતના વિકાસમાં અવરોધ છે અને આજે યુપી તેજસ્વી બની ગયું છે. સ્પોટ અને મોખરે છે.

# જી.કે.જનરલ હોસ્પિટલમાં ડાયાલિસિસના દર્દીઓ માટે ત્રણ આધુનિક ઉપકરણ ઉપલબ્ધ

## અદાણી સંચાલીત જી.કે.જનરલ હોસ્પિટલમાં કચ્છમાં સંભવત આ પ્રથમ સુવિધા સર્પદંશ,ઝેરી દવાની અસર,ઝાડા - ઉલ્ટી જેવા જટિલ તેમજ બીપી અત્યંત લો થવાના દર્દીઓ માટે આશીર્વાદ સમાન હોવાનો નિષ્ણાતોનો મત

ગાંધીનગર તા.૧૭

જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં કિડની રોગના તેમજ કિડનીને અસર થઈ હોય તેવા જટિલ દર્દીઓનાં ડાયાલિસિસ કરવાના ભાગરૂપે ત્રણ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ ડાયાલિસિસ ઉપકરણ હોસ્પિટલમાં સ્થાપિત કરાતા દર્દીઓને વધુ ફાયદો મળશે.અગાઉ ૧૫ મશીન મારફતે પ્રતિ માસ ૮૦૦થી પણ વધુ ડાયાલિસિસ વિનામૂલ્યે ચાલુ હતા હવે ૧૮ ડાયાલિસિસ યંત્રો કાર્યાન્વિત બનતા સુવિધા વધી છે.જી.કે.ના નેફ્રોલોજીસ્ટ (કિડની રોગના નિષ્ણાત) ડો. હર્ષલ વોરાએ કહ્યું કે,આ હોસ્પિટલમાં તબક્કાવાર ઊભી કરાતી સગવડોના ભાગરૂપે ડાયાલિસિસ વોર્ડમાં હજુ પણ નવી સુવિધાઓ ઉમેરાશે. નવા ત્રણ ડાયાલિસિસ યંત્રની વિશિષ્ટતા અંગે તેમણે જણાવ્યું કે,સર્પદંશ,ઝેરીદવાની અસર,ઝાડા ઉલ્ટી થયેલા ગંભીર કેસો અને જેમનું બી.પી.અત્યંત



નીચું થઈ જાય તેવા ક્રિટીકલ કિસ્સામાં દર્દીઓના પ્લાઝમા બદલાવી તેમનામાં કાર્યક્ષમતાનો સંચાર કરવા ઉપયોગી છે. જી. કે.જનરલ હોસ્પિટલ નેશનલ એક્રેડિટેશન બોર્ડ ઓફ હેલ્થની(NABH)શ્રેણીમાં આવી જતા ગુણવત્તામાં ક્રમશઃવધારો થઈ રહ્યો છે, જેનો સીધો લાભ કચ્છને મળી રહ્યો છે. આ ઉપરાંત અદાણી મેડિકલ કોલેજમાં ડાયાલિસિસ માટે ટેકનિશિયન તૈયાર કરવા માટે શરૂ થયેલા ડી.આર.ડી.ટી. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે પણ આ સેન્ટર ઉપયોગ પુરવાર થઈ રહ્યું છે. હોસ્પિટલના નેફ્રોલોજીસ્ટ ના જણાવ્યા મુજબ ડાયાલિસિસ વોર્ડમાં દર્દીઓને જરૂરી સેવા ઉપલબ્ધ હતી હવે આ આમેજ કરાયેલા આ નવા યંત્રની સુવિધા સંભવતઃ કચ્છમાં પ્રથમ વખત અત્રે ઉપલબ્ધ બનતા દર્દીઓને આયુષ્યમાન કાર્ડ હેઠળ વિનામલ્યે બીજી વધારાની જટિલ દર્દીઓ માટે સેવા પ્રાપ્ય બનશે. હોસ્પિટલ માં ૨૪ કલાક આ સગવડ મળતી હોવાને કારણે ડાયાલિસિસ સેન્ટર આર્થિક રીતે નબળાં વર્ગો માટે આશીર્વાદ સમાન સાબિત થયું છે.

## સંક્ષિપ્ત સમાચાર

# માધાપર સમર્પણ મહિલા મંડળ માધાપર દ્વારા લઘુરુદ્રનું આયોજન



ભુજ તા.૧૭

શ્રાવણના પવિત્ર માસમાં આઝાદીના સપરમાં દિવસે સમર્પણ મહિલા મંડળ માધાપરની બહેનો દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ અને સનાતન ધર્મની આરાધના કરવાના હેતુથી નાગેશ્વર મહાદેવ (ક્ષત્રપાળ મંદિર) માધાપર મધ્યે લઘુરુદ્ર પૂજન તથા હવનનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળની બહેનો તથા બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. સમર્પણ મહિલા મંડળમાં ૩૦૦ કરતાં વધારે બહેનો જોડાયેલા છે, મંડળ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સમયાંતરે કરવામાં આવે છે જેમાં સમૂહ ભાગવત, દેવી ભાગવત,ગાયોના નિરણ માટે ઘાસચારાની વ્યવસ્થા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ સામેલ છે. સમર્પણ મહિલા મંડળ દ્વારા માધાપર પીએસસી સેન્ટરમાં અત્યાર સુધી ૫૧ જેટલી જરૂરિયાત મંદ સગર્ભા માતાઓને પૌષ્ટિક આહારની કીટ અર્પણ કરવામાં છે, તદુપ રાંત માધાપર ખાતે અદાણી હોસ્પિટલ ભુજના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ ૪૦૦ કરતાં વધારે દર્દીઓએ લાભ લીધેલ હોવાનું યાદીમાં જણાવાયું હતું.

# શ્રાવણ માસમાં સાંયરા(યક્ષ)ની શેરીઓ શિવમય બની જાય છે



આણંદપર(યક્ષ)તા.૧૭

પ્રવિત્ર શ્રાવણ માસ નિમિત્તે અમુક ગામોની મહિલાઓ સવારના વહેલા ઉઠીને સ્નાન કરીને ગામની શેરીઓમાં પ્રભાત ફેરી કાઢે છે, જેમાં શિવધૂન, રામધૂન તેમજ રાધે-ક્રિષ્ના નામની ધૂન તેમજ ભજન-કીર્તન કરવામાં આવતા હોય છે.તો અમુક ગામોમાં શ્રાવણ માસ કે પૂરસોતમ માસના દિવસોમાં ધૂનો તેમજ ભજન-કીર્તન કરવામાં આવતા હોય છે, ધાર્મિક કાર્યક્રમમાં મહિલાઓ અગ્રેસર રહેતી હોય છે.નખત્રાણા તાલુકાના સાંયરા(યક્ષ) ગામની મહિલાઓ શ્રાવણ માસ નિમિત્તે સવારના ચાર વાગે ગામના ચોકમાં લક્ષ્મી નારાયણ ભગવાનના મંદિર પાસે એકઠી થાય છે અને ગલીઓમાં પ્રભાત ફેરી કાઢે છે, દરેક શેરીઓમાં શીવધૂન બોલવામાં આવે છે, શ્રાવણ માસની શરૂઆતથી માસની પૂર્ણાહુતી સુધી આ પ્રભાત ફેરી યોજવામાં આવે છે,આ પ્રભાત ફેરીમાં શાન્તાબેન નાકરાણી, વેલાબેન નાકરાણી, દમયંતીબેન વાસાણી, હંસાબેન નાકરાણી, જાનબાઈ નાકરાણી, કસ્તુરબેન ધોળુ,મણીબેન ધોળુ, જયશ્રીબેન ધોળુ, સીતાબેન વાસાણી, નિરૂબેન વાસાણી, જયોતિબેન પાટીદાર, શિવ મંદિરના પુજારી (માતામાં) સહિતની ૨૫ થી વધુ બહેનો આ સવારની પ્રભાત ફેરીમાં નિત્યક્રમ પ્રમાણે હાજર રહીને જોડાય છે.

# આણંદસર(મંજલ) માં મહિલા મંડળ દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ સેમીનાર યોજાયો



આણંદપર(યક્ષ) તા.૧૭

પ્રગતિ મહિલા મંડળ, મિશન કચ્છ અંતગર્ત ભુજ તાલુકાના આણંદસર(મં) સહયોગી કલ્યાણપર, મણીપર, લક્ષ્મીપર પાટીદાર મહિલા મંડળ, દ્વારા આયોજિત સ્વાસ્થ્ય જાગૃતિ સેમિનારમાં ૩૦૦ બહેનોએ લાભ લીધો હતો. ગાયનેકોલોજીસ્ટ ડૉ. સુરભિબેન વેગડ એ સરળ શૈલીમાં પ્રોજેક્ટર દ્વારા એક બાળકી પૂર્ણ રૂપે સ્ત્રી બને ત્યાં સુધીની પરિસ્થિતિ દ્વારા હોર્મોન્સને કારણ શરીરમાં થતાં ફેરફારો અને પારિવારિક જીમેંદારી કેવી રીતે સંભાળવી વિષય પર વિસ્તૃત સમજ આપી હતી, બહેનોના ઉદ્દભવતા સવાલોના જવાબ પણ ડો.સુરભિબેન દ્વારા આપવામાં આવ્યા હતા. ડો. તુષાર દ્વારા હાડકાં અને ખાસ કરીને ઘુંટણ અને કમરમાં થતાં પ્રોબ્લેમ્સ અને તેના ઉપાયો પર ખાસ ભાર મુકી આપણા આહાર અને વિહાર પર સૌને જાગૃત કર્યા હતા, તેમજ ઘુંટણ અને કમરમાં થતી સમસ્યા ના ઉપાયો બતાવ્યા હતા.

આ સેમીનારમાં પ્રગતિ મહિલા મંડળના કાર્યકર્તાઓ વર્ષાબેન હળપાણી, રશ્મિબેન પોકાર, નીતાબેન ભાવાણી, રેખાબેન ઉકાણી, મમતાબેન હળપાણી, પ્રવીણાબેન ભગત સહીતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આણંદસર પાટીદાર મહિલા મંડળના કાર્યકર્તા બહેનો પ્રેમીલાબેન ભાવાણી, જયાબેન છાભૈયા, કમળાબેન ભાવાણી, ભગવતીબેન લીંબાણી, વિજયાબેન પોકાર, સાવિત્રીબેન ભગત સહિત કલ્યાણપર, મણીપર, લક્ષ્મીપર પાટીદાર મહિલા મંડળ દ્વારા સહયોગ મળ્યો હતો, સેમિનારમાં હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો તે બદલ પ્રગતિ મહિલા મંડળ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

**અમદાવાદ ખાતે યોજાયેલ "કારીગર ઉદ્યમી બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ"માં મહિલા કારીગરને ઉદ્યમીનું બિરુદ મળ્યુ દીપ,ધૂપ સ્ટીક, સાબુ, દંતમંજન, હેર ઓઈલ જેવી ગોબર પ્રોડક્ટની ગુજરાત સહિત દેશભરમાં ભારે માંગ ગોબર પ્રોડક્ટના વેચાણ થકી હર્ષાબેન અન્ય મહિલાઓને પણ આપી રહ્યા છે રોજગારી**

# અંજારની મહિલા તૈયાર કરે છે નેચરલ ગોબર પ્રોડક્ટ





અંજાર તા.૧૭

કચ્છના અંજાર શહેરના રહેવાસી હર્ષા યોગેશ સોરઠીયાએ ગોબરમાંથી વિવિધ પ્રોડક્ટસ તૈયાર કરીને તેના વેચાણ માટે ગુજરાત જ નહીં પણ ભારતના અન્ય રાજ્યોમાં પણ ફેમસ થઈ ગયા છે. હર્ષા સોરઠીયા ગાયના છાણમાંથી નિર્મિત નેચરલ ગોબર પ્રોડક્ટનો વ્યવસાય કરે છે. અમદાવાદ ખાતે યોજાયેલ "કારીગર ઉદ્યમી બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ"માં મહિલા કારીગર ઉદ્યમીનું બિરુદ હર્ષાબિનને મળ્યું હતું. આ સાથે પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું છે.

અંજારના યુવા ઉદ્યમી પોતાના આ વ્યવસાયની શરૂઆત વિશે જણાવે છે કે, મેં મારા ગોબર પ્રોડક્ટની શરૂઆત કોરોના સમયે શ્રાવણ માસ વર્ષ ૨૦૨૧માં કરી હતી.મહિલાએ સોશિયલ મીડિયામાં વીડિયો જોઈ જોઈને ઘરે પ્રોડક્ટ બનાવવાના પ્રયાસો અને પ્રયોગ કર્યા. ત્યારબાદ જેમ જેમ દિવાળીનો તહેવાર નજીક આવતા તેમ સૌપ્રથમ ગોબરના દીવડા અને ધૂપ સ્ટીક બનાવવાની શરૂઆત કરી.સાથે પાડોશી તેમજ અંજારની માર્કેટમાં આ મારી ગોબર પ્રોડક્ટનું વેચાણ કરવાનું શરૂ કર્યું ને તરત જ લોકોને આ પ્રોડક્ટસ અલગ લાગી. લોકો આ પ્રોડક્ટસને ખરીદવા લાગ્યા. લોકોના સહકારથી મારો ઉત્સાહ વધ્યો અને જેથી મહિલાનુ મનોબળ આ વ્યવસાય માટે વધારે મજબૂત થયું.

મહિલા વધુમા કહે છે. કે મેં મારા વ્યવસાયને આગળ વધારવાનું ચાલું રાખ્યું તે દરમિયાન મેં એક ગોબરની નવી પ્રોડક્ટ બનાવી જેને 'સંમ્બ્રાનીકપ' કહેવાય. સંમ્બ્રાનીકપનું ફિનિશિંગ જોઈ લોકોએ આ પ્રોડક્ટને ખૂબ પસંદ કરી. ત્યારથી મારા વ્યવસાયનું માર્કેટિંગ વધ્યું. કચ્છની સાથે સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, બેંગ્લોર, કેરલા, તેલંગાણા, હૈદરાબાદ જેવા અલગ અલગ રાજ્યો અને શહેરમાં મારી પ્રોડક્ટ વેચાવવા લાગી અને હું લોકોમાં એક નવી ઓળખાણ સાથે પ્રસ્થાપિત થવા લાગી.ગૌ પ્રેમીઓ અને ગોબર પ્રોડક્ટ બનાવનાર વ્યક્તિઓ પાસેથી મને પ્રેરણા મળી કે, આ ગોબર પ્રોડક્ટ એક તહેવારોનો અને ચોક્કસ સિઝનનો ધંધો છે, જે ગણેશ ચતુર્થી, નવરાત્રી, દિવાળી જેવા તહેવારોમાં જ ચાલે છે.ગૌમાતાના આર્શીવાદના લીધે મહિલાને અનેક જગ્યાએ સન્માન મળ્યું છે. તેઓ અંતિમ ક્ષણ સુધી ગૌમાતાનું ઋણ નહીં જ ચૂકવી શકે. લોકોને અપિલ કરતા મહિલા કહે છે. ગૌમાતા દૂધ આપતી હોય છે ત્યારે તેમનું પૂજન અને સેવા ચાકરી થાય છે. જ્યારે ગૌમાતા દૂધ આપવાનું બંધ કરી દે છે ત્યારે તેને તરછોડી દેવામાં આવે છે. લોકોના આ સ્વાર્થી વલણથી તેઓ ખૂબ જ દુઃખી છે.

### ગોબર પ્રોડક્ટના વેચાણમાં નવો પ્રયાસ

હર્ષાબિન ગોબર પ્રોડક્ટના વેચાણમાં પોતાના નવા પ્રયાસ વિશે જણાવતા કહે છે કે, તેમને રોજિંદા જીવનમાં વપરાશમાં આવતી પ્રોડક્ટ બનાવવાનું વિચાર્યું જેમ કે, ગોબર સાબુ, ફિનાઈલ, દંતમંજન, કેશ તેલ, કેશ શેમ્પુ, ફેશવોશ, વાસણ ધોવા માટેનું લિક્વિડ વગેરે. આ બધી પ્રોડક્ટ તેઓ ગોબર, ગૌમૂત્ર તેમજ જડીબુટ્ટીથી બનાવે છે. જેનાથી લોકોને શરીરમાં કોઈ આડઅસર થતી નથી અને તે ફાયદાકારક પણ રહે છે. ધીમે ધીમે તેમણે ગોબરની ૨૦ થી ૨૨ પ્રોડક્ટ બનાવવાનું ચાલુ કર્યું. તેઓ પોતાના વ્યવસાયને આગળ વધારવા માટે નાના મોટા એક્ઝિબિશન પણ કરે છે.આ સિદ્ધિમાં જરૂરિયાતમંદ લોકોને ભાગીદાર બનાવવા, તેઓ વ્યવસાયમાં બેરોજગાર મહિલાઓને કામ પણ આપે છે.

# દલીતોની વસ્તી ધરાવતા પાયરકા ગામે શાળા શરૂ કરવા ધરણાં અને ચક્કા જામ કરવા પડ્યા



### ચમત્કારને નમસ્કાર: લોકો એ ઉગ્ર પગલાં ભર્યા પછી શિક્ષણાધિકારી દોડી આવ્યા



આણંદપર(યક્ષ)તા.૧૭

ભુજ તાલુકાના પાયરકા ગામની પ્રાથમિક શાળા કાયમી ધોરણે શરૂ કરવા માટે ગ્રામજનોની સાથે બહુજન આર્મીના લખન ધુવા દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને અવાર નવાર લેખિત મૌખિક રજૂઆત કરાઇ તેમ છતાં પણ કોઈ પરિણામ ન મળતા લોકોને આંદોલન કરવા ફરજ પડી હતી.

કોરોના કાળ બાદ તમામ શાળાઓ શરૂ કરાઇ ત્યારે પાયરકાની શાળા બંધ જ હતી, શાળા શરૂ કરાવવા માટે લખન ધુવા અને ગ્રામજનો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ જઈ રજૂઆત કરતા એવું જણાવવામાં આવ્યું હતું કે, તમારી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે, તેથી શાળા શરૂ કરી શકાય તેમ નથી. ત્યારે લખન ધુવાએ માંગણી કરતા જણાવ્યું હતું કે, ભૂજ તાલુકાના વિછીયા અને કાનપર બંન્ને પ્રા.શાળામાં ૧૭-૧૭ ની સંખ્યા છે, પીરવાડી પ્રા શાળામાં માત્ર ૬ વિધાર્થીઓ જ છે અને ત્યાં ૨ શિક્ષકો છે અને આ તમામ શાળાઓ ચાલુ છે, જેનો કોઈ વિરોધ નથી, પણ જ્યારે પાયરકા ગામની પ્રા.શાળામાં ૧૨ વિદ્યાર્થીઓ છે,અને ૫ કિ.મી.ના અંતરે કોઈ શાળા પણ નથી છતાં શું કારણ બંધ કરવામાં આવી છે? તેવો સવાલ કર્યો હતો, થોડા દિવસો બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પ્રવાસી શિક્ષકની ભરતી કરી ૧૦/૧૧ માસ સુધી શાળા શરૂ કરાઇ હતી પરંતુ ફરી ઉનાળુ વેકેશન પૂરું થતા પાયરકા ગામની શાળા શરૂ ન થઇ, તેના પગલે પાયરકા ગામના બાળકો, ગ્રામજનો તથા બહુજન આર્મીના લખન ધુવા તા.૧૪/૦૮ થી કલેકટરની કચેરીની સામે ધરણાં ઉપર બેઠા હતા.

ત્રીજા દિવસે કલેકટરની રૂબરૂ મુલાકાત લઈ આવેદનપત્ર અપાયું ત્યારે કલેકટર દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું, તે દરમિયાન ગ્રામજનોએ કલેકટરને વિનંતી કરતા જણાવ્યું હતું કે, બે દિવસથી અમે નાના બાળકો સાથે ધરણાંપર છીએ ત્યારે જિલ્લા શિક્ષણાધિકારીની ફરજ બને છે અમારી રૂબરૂ મુલાકાત લઈ સમસ્યાનું નિવારણ કરે, છત્તાં આજ સુધી કોઈ અધિકારી આવ્યા નથી ત્યારે અમારી માંગ છે કે, જિલ્લા શિક્ષણાધિકારી ખુદ રૂબરૂ આવી અને સમસ્યાનું નિવારણ કરે પછી જ અમો ધરણાંનું સમાપન કરશું, પરંતુ શિક્ષણ તંત્ર દ્વારા કોઈ સરખો જવાબ ના મળ્યો, ત્યારે ના છૂટકે ગ્રામજનો, શાળાના વિદ્યાર્થીઓએ કલેકટર કચેરી બહાર જ હાઈવે રોડ પર ચક્કા જામ કર્યા હતા, ત્યારે પોલીસ તંત્ર એલર્ટ થયું બાદ થોડાક સમયમાં જ જિલ્લા શિક્ષણાધિકારી રૂબરૂ મળ્યા હતા અને ગ્રામજનોની રજૂઆત સંભાળી માંગ પૂરી કરી હતી.

### ભાજપના મેડિકલ કેમ્પના સ્થળમાં ફેરફાર

ભુજ તા.૧૭

કચ્છ જીલ્લા ભાજપ દ્વારા તા.૧૮/૮/૨૪ ના રોજ તમામ મંડલમાં યોજાનાર મેડિકલ કેમ્પ પૈકી અમુક કેમ્પના સ્થળમાં ફેરફાર થયો હોઈ જે પૈકી રાપર ખાતે આયોજીત મેડિકલ કેમ્પ હવે મહાવીર હોસ્પિટલ ખાતે યોજવામાં આવશે. અબડાસા તાલુકા નો મેડિકલ કેમ્પ હવે કોઠારા સ્થિત સદભાવના હોસ્પિટલ ખાતે યોજવામાં આવશે લખપત તાલુકા નો મેડિકલ કેમ્પ હવે દયાપર ગામે વથાણ ચોકમાં આવેલ ક્રિષ્ના ક્લિનિક ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

ભચાઉ તાલુકાનો મેડિકલ કેમ્પ હવે સામખીયાળી ખાતે આવેલ માતૃસ્પર્શ હોસ્પિટલ ખાતે યોજવામાં આવશે. ભચાઉ શહેર ખાતેનો મેડિકલ કેમ્પ બાબા સાહેબ ચાર રસ્તા ગ્રાઉન્ડ પાસે યોજવામાં આવશે. ભુજ તાલુકાનો મેડિકલ કેમ્પ નારાયણપર ખાતે આવેલ વૈષ્ણવ સમાજ કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવેલ છે.

અંજાર શહેરનો મેડિકલ કેમ્પ હવે મારુતિનંદન ટ્રસ્ટ ક્લિનિક ખાતે યોજવામાં આવશે. ભુજ શહેરનો મેડિકલ કેમ્પ ડો.ધર્મેશ પટેલ ક્લિનિક રઘુવંશી ચોકડી પાસે આયોજીત કરેલ છે. ગાંધીધામ તાલુકા નો મેડિકલ કેમ્પ કિડાણા ગામે પીથોરાપીર મંદિર પાસે યોજવામાં આવશે.

# સાંયરા(યક્ષ) લક્ષ્મી નારાયણ મંદિરનો ૭૪ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

આણંદપર(યક્ષ)તા.૧૭

નખત્રાણા તાલુકાના સાંયરા(યક્ષ) મધ્યે કડવા પાટીદાર સમાજના ઈષ્ટદેવ લક્ષ્મી નારાયણ ભગવાનના મંદિરના ૭૪માં પાટોત્સવની ઉજવણી ધાર્મિક આયોજનો સાથે કરવામાં આવી હતી. પાટોત્સવના પૂર્વ રાતે સંગીતમય દાંડીયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું, શ્રાવણ સુદ-૭ ના યોજાયેલ ધ્વજા રોહણમાં મોટી સંખ્યામાં સમાજના શ્રદ્ધાળુઓ જોડાયા હતા, સવારના ૭ વાગે ધજા બદલવામાં આવી તેમાં પાટોત્સવ દાતા પરિવાર સમાજ,મહિલા મંડળ તથા યુવક મંડળના હોદ્દેદારો સાથે રહ્યા હતા,સવારના ૮ વાગે વાજતે શોભાયાત્રા નિકળી હતી.જેમાં લક્ષ્મીનારાયણ સ્વરૂપે યજમાન તુલસીદાસ વાસાણીના પુત્ર ગૌતમ કુમાર સજોડે શણગારેલા રથમાં બીરાજમાન થયા હતા, શોભાયાત્રા પૂરા સાંયરા ગામની શેરીઓમાં પરિભ્રમણ કર્યા બાદ પરત લક્ષ્મી નારાયણ ચોકમાં સમાપન થયું હતું. મંદિરમાં ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાનને અભિષેક કરી સંગીતમય મહા-આરતી અને ભગવાનને દિવ્ય મહાપ્રસાદનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. દાતા પરિવાર મોહનદાસ બાપુ તેમજ સંસ્થાના ત્રણેય પાંખના હોદ્દેદારો અને સભ્યોએ આરતી ઉતારી હતી. ઈશ્વર આશ્રમ વાંઢાયથી ખાસ પધારેલ મહંત મોહનદાસ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. મહાપ્રસાદના દાતા સ્વ.લાલજી નાનજી વાસાણી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, ગામના સનાતની લોકોએ સાથે બેસીને મહાપ્રસાદનો લાભ લીધો હતો, આ પાટોત્સવ પ્રસંગે સમાજના પ્રમુખ મગનભાઈ નાકરાણી,ઉપ પ્રમુખ જેન્તીભાઈ નાકરાણી,મહામંત્રી વસંત રામાણી,યુવક મંડળના પ્રમુખ જગદીશ નાકરાણી,મહિલા મંડળના પ્રમુખ કસ્તુરબેન હળપાણી,મહામંત્રી વિજયાબેન પારસીયા, સમાજના ભાઈઓ,યુવક મંડળના યુવાનો તેમજ મહિલા મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હોવાનું ગામના વસંત રામાણીએ જણાવ્યું હતું.



# ભુજ પાલિકા દ્વારા પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલજીને શ્રદ્ધાસુમન અર્પણ




ભુજ તા.૧૭

ગઈ કાલ તા.૧૬/૦૮ ના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીજીની પુણ્યતિથી નિમીતે ભુજ નગરપાલિકા દ્વારા વી.ડી. હાઈસ્કુલ પાસે તેમની પ્રતિમાને હારારોપણ કરી શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. શ્રધ્ધાસુમન અર્પણ કરતા નગર પાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકીએ, સદાય અટલ એવા ભારતરત્ન, દેશના પૂર્વ પ્રધાનમંત્રી તેમજ ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સ્વ.અટલબિહારી બાજપેયીની પ્રતિમાને નગરજનો વતી નગરપતિ તરીકે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના અવસરે પરમાત્માને,અટલજીના ચીંધેલા નિષ્ઠાના પથ પર ચાલવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે કચ્છ જીલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, મંત્રી વીંજુબેન રબારી, ભુજ શહેર ભાજપ પ્રમુખ બાલકૃષ્ણ મોતા, નગરપાલિકાના શાસક પક્ષના નેતા કમલ ગઢવી, બાગ બગીચાના ચેરમેન કાસમ કુંભાર, શહેર સંગઠનના હોદ્દેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અંજાર નગરપાલિકા દ્વારા પૂર્વ વડાપ્રધાન વાજપાઈને શ્રદ્ધાંજલિ



અંજાર તા.૧૭

અંજાર નગરપાલિકા દ્વારા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક કાર્યક્રમ પાલિકાના પ્રમુખ વૈભવ દીપક કોડરાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.આ પ્રસંગે વક્તવ્ય આપતા અંજાર શહેર ભાજપના મહામંત્રી અશ્વિન સોરઠીયા "ડાડા"એ તેમના જીવનનો પરિચય આપતા તેઓને એક સાદગી સભર અને રાષ્ટ્રને સમર્પિત વિરલ વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાસકપક્ષ ના નેતા નિલેશગગિરિ એમ. ગોસ્વામીએ કર્યું હતું. ઉપસ્થિત સૌએ તેઓની પ્રતિમાને હારા રોપણ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.કચેરી અધિક્ષક ખીમજી પાલુ સિંધવના માર્ગદર્શન હેઠળ નગર પાલિકાના સ્ટાફે વ્યવસ્થા સંભાળી હતી.આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ શ્રીમતી શિલ્પા બુદ્ધભટ્ટી, કારોબારી સમિતિના ચેરમેન પાર્થ સોરઠીયા, દંડક કલ્પના ગોર, પૂર્વ પ્રમુખ લીલાવંતી પ્રજાપતિ, કાઉન્સિલરો કેશવજી સોરઠીયા, સુરેશ ટાંક, અમરીશ કંદોઈ, વિજય પલણ,ડાયાલાલ મઢવી, વિનોદ ચોટારા, કંચન બાંભણિયા, સંજય દાવડા, દિનેશ ઠક્કર, તુષાર જોબનપુત્રા, જયશ્રી ઠક્કર, નજમા બાયડ, રશ્મિન ભીન્ડે, નરસિંહ દાવા, ભારતી બારોટ, મયુર હેરમા, જીતેન્દ્ર જોશી, પ્રકાશ રોશિયા, વિનોદ શામળીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કે.જી.રાઠોડ વિધાલય, કુકમામાં રાષ્ટ્રિયપર્વની શાનદાર ઉજવણી






કુકમા તા.૧૭

શ્રી વિદ્યોતેજક મંડળ કુકમા સંચાલિત બાલમંદિર થી ઉચ્ચતર માધ્યમિક સુધીની શાળાઓની સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી કે.જી. રાઠોડ વિદ્યાલયના પાટગણમાં સંસ્થાના પ્રમુખ હરગોવિંદ ચૌહાણના અધ્યક્ષ સ્થાને ધામધૂમથી કરવામાં આવી હતી. પ્રાથમિક શાળાના નામાભિધાન દાતા તેમજ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ સમાજ રત્ન, વિનોદ પી. સોલંકીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે બાલમંદિરથી માંડી ઉચ્ચ માધ્યમિક શાળાના વિધાર્થીઓ દ્વારા દેશભક્તિ, અને આપણી સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, બાળકોનું કૌશલ્ય નિહાળી સમાજરત્ન શ્રી સોલંકીએ રૂ.૨૦,૦૦૦ રોકડ પુરસ્કારની ભેટ આપી હતી, જ્યારે શાળામાં ગત વર્ષમાં એવન ગ્રેડ મેળવનાર શાળાના ત્રણ વિદ્યાર્થીઓ ચૌહાણ ધ્રુવાંશી રાજેશ, રાઠોડ જહાનવી જીતેશ અને પરમાર રિદ્ધિ ભરતને આ પસંગે ઉપસ્થિત ગામના પ્રથમ નાગરિક, સરપંચ રસીલાબેન રાઠોડ દ્વારા રૂ. ૧૧,૦૦૦ ના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા, સંસ્થાના ઉપપ્રમુખ દેવજી આહીર, કારોબારી ચેરમેન મહેન્દ્ર પરમાર, મંત્રી અનિલ યાદવ, કોષાધ્યક્ષ રસીક ચૌરાણ, સહમંત્રી નયન રાઠોડ, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી જયનેશ વરૂ, સંસ્થાના સર્વે ટ્રસ્ટી ઓ, ગામના સરપંચ, ઉપસરપંચ ભુપેન્દ્રસિંહ સોઢા, પંચાયતના સર્વે સભ્યો, મહાનુભાવો તેમજ ગ્રામ જનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને બાળકોને રોકડ પુરસ્કારથી નવાજી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રારંભે હાઈસ્કૂલના આચાર્યા જીજ્ઞાશાબેન રાઠોડે સૌને આવકારી સ્વાગત કર્યું હતું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ત્રિગુણા બેન તથા દિપીકા બેન દ્વારા કરવામાં આવ્યું, આભાર વિધિ પ્રાથમિક શાળાના આચાર્ય રચનાબેન રાઠોડ દ્વારા કરાઇ હતી, કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થા સંચાલિત ત્રણેય શાળાના સ્ટાફગણ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે રાષ્ટ્રીય યુગલ દિવસ




જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

રાષ્ટ્રીય યુગલ દિવસ દર વર્ષે ૧૮ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવે છે,શરૂઆતમાં યુ.એસ. માં એક કંપની દ્વારા તેના ઉત્પાદનોને પ્રમોટ કરવાના સાધન તરીકેઆ દિવસઃ ની સ્થાપના કરવામાં આવી હતી, આ દિવસ ધીમે ધીમે લોકપ્રિયતા મેળવતો ગયો અને સંબંધોના લક્ષ્યોની ઉજવણીમાં વિકસિત થયો. દર વર્ષે ૧૮ ઓગસ્ટના રોજ મનાવવામાં આવે છે, રાષ્ટ્રીય યુગલ દિવસ આનંદકારક ઉજવણી દ્વારા ચિહ્નિત થયેલ વૈશ્વિક ઘટના બની ગયો છે. જ્યારે તમે તમારા સૌથી ખાસ પ્રિય વ્યક્તિને ગળે લગાડો છો, ત્યારે તમારી અંદર ઓક્સીટોસિન નામનો હોર્મોન ઉત્પન્ન થાય છે, જે તમારી યાદશક્તિને સુધારે છે. રાષ્ટ્રીય યુગલ દિવસ રોમેન્ટિક સંબંધોમાં યુગલોનું સન્માન કરવા અને તેની ઉજવણી કરવા માટે સમર્પિત છે. યુગલો જે પ્રેમ, સાથ અને ભાગીદારી શેર કરે છે તેને સ્વીકારવાની આ એક તક છે. આ ઉજવણી યુગલોને એકસાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરવા, તેમના સ્નેહને વ્યક્ત કરવા અને તેમના ભાવનાત્મક બંધનને મજબૂત કરવા પ્રોત્સાહિત કરે છે. જેમ જેમ લગ્ન સમયાંતરે આગળ વધે છે તેમ તેમ, યુગલો પરિવારના અન્ય સભ્યોને પ્રાથમિકતા આપતી વખતે એકબીજા પર ઓછું ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. જો કે, પ્રેમ અને કાળજીની લાગણીઓ વહેંચીને બોન્ડને સતત પોષવું મહત્વપૂર્ણ છે. લગ્નના વર્ષો પછી પણ ચિનગારી જાળવવી જરૂરી છે. રાષ્ટ્રીય યુગલ દિવસ પર, લોકો તેમના ભાગીદારો સાથે વિવિધ રોમેન્ટિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. આમાં રેસ્ટોરન્ટમાં હૂંફાળું રાત્રિભોજન, પાર્કમાં પિકનિક, ઘરે આરામની મૂવી નાઈટ અથવા એક આકર્ષક શેર કરેલ સાહસનો સમાવેશ થઈ શકે છે. પ્રેમ અને કદરનું પ્રતીક કરતી વિચારશીલ ભેટોની આપ-લે કરવામાં આવે છે, અને કેટલાક તેમની લાગણીઓને વ્યક્ત કરતા હૃદયપૂર્વકના પ્રેમ પત્રો લખવા માટે સમય કાઢી શકે છે. ઘણા યુગલો ઘરે એકસાથે ખાસ ભોજન રાંધવાનું પસંદ કરી શકે છે, જ્યારે અન્ય લોકો સપ્તાહના અંતે રજા અથવા ટૂંકા વેકેશનની તકનો લાભ લઈ શકે છે, જે અલગ સેટિંગમાં નવી યાદો બનાવી શકે છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

**શનિવારે પોલીસ મથકના બાથરૂમમાં એક યુવકે આપઘાત કરતા ભારે દોડધામ જો કે પોલીસે કહ્યુ કસ્ટડીમાં ન હતો યુવકના મોત અંગે અકસ્માત મોતનો ગુન્હો નોંધી તપાસ બીજી તરફ પરિવારે ગંભીર આક્ષેપો સાથે મૃત્દેહ ન સ્વીકારતા ઘર્ષણ સર્જાયુ**

# માનકુવા પોલીસ મથકમા યુવકનો આપઘાત ! મોત માટે જવાબદાર કોણ ?





ભુજ તા.૧૭

પોલીસ સ્ટેશનની અંદર જ આપઘાતનો બનાવ સામે આવતા ભારે ચકચાર સર્જાઇ હતી. બનાવ માનકુવા પોલીસ મથકે શનિવારે સવારે બન્યો હતો જ્યારે મુળ મુન્દ્રાના ટપ્પર ગામના ૩૫ વર્ષીય યુવાનને બે કોલી સમાજના લોકો ઘરમાં ધુસી જવાની ફરીયાદ સાથે માનકુવા પોલીસ મથકે લાવ્યા હતા પરંતુ તે દરમ્યાન યુવકે પોલીસ મથકના બાથરૂમમાં આપ ધાત કરી લેતા ભારે ચરચાર સર્જાઇ હતી. અને સમાજ-પરિવારના લોકો વચ્ચે ધર્ષણ પણ ઉભુ થયુ હતુ મૃતકની બહેન મુસ્કાને આરોપ લગાવ્યા હતા કે પોલીસ મથકેથી તેના ભાઇએ આપધાત કર્યા અંગેનો ફોન આવ્યા બાદ પોલીસે મૃત્દેહ જોવા સહિત પરિવારને અટકાવ્યો અને પુરી નાંખ્યા હતા. જેથી જે જવાબદાર પોલીસ હોય તેની સામે કાર્યવાહી થવી જોઇએ વિગતે વાત કરીએ તો માનકુવા પોલીસ મથકના બાથરૂમમા એક યુવક વેલાજી કાસમ કોલીને આપધાત કર્યો હતો સવારે માનકુવાના અશોક કોલી, હરજી કોલી તેને પોલીસ મથકે લાવ્યા હતા. જો કે પોલીસ કોઇ કાર્યવાહી કે તપાસ કરે તે પહેલાજ ૯ વાગ્યાના અરસામાં યુવક બાથરૂમ જવાનુ કહી તેના ફુંવારામાં પોતાના ટીસર્ટ વડે લટકી ગયો હતો. કાઇક અજુગતુ થયુ હોવાની પામી જતા પોલીસે સમાજના લોકોને બોલાવી તપાસ કરતા યુવકે ગળફાંસો ખાઇ આપધાત કર્યો હોવાનુ સામે આવ્યુ હતુ જે બાદ પરિવારે આક્રંદ સાથે પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યા હતા એક સમયે મામલો ગરમ બનતા પોલીસને બળ પ્રયોગ કરવો પડ્યો હતો. જો કે પરિવારે લાશ સ્વીકારવાનો ઈક્કાર કર્યો હતો.

પરિવારે વિરોધ કરતા કાયદો વ્યવસ્થા જાળવવા સાથે પોલીસે અટકાયતી પગલા લઇ કાર્યવાહી ચાલુ રાખી હતી. જો કે બાદમા મામલો શાંત કરી મૃત્દેહને પી. એમ માટે ખસેડ્યો હતો. જ્યા પણ પરિવારે લાશ સ્વીકારવાનો ઈક્કાર કર્યો હતો જો કે પોલીસે આ સમગ્ર મામલે યુવક કસ્ટડીમા ન હોવાનુ કહી સમાજના આગેવાનો લાવ્યા હોવાનુ કહ્યુ હતુ. બનાવ સ્થળે તપાસ બાદ વિગત આપતા નખત્રાણાના નાયબ પોલીસ અધિક્ષક ભગોરાએ સમગ્ર બનાવ અંગે માહિતી આપી હતી અને અકસ્માત મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનુ જણાવ્યુ હતુ મૃત્ક ગાડી ચલાવવાનુ કામ કરતો હોવાનુ પરિવારે જણાવ્યુ હતુ સાથે નીચેથી ઉપર કઇ રીતે પહોચ્યો તે સવાલો સાથે પોલીસ કામગીરી સામે આક્ષેપ કર્યા હતા. પોલીસ મોત અંગે તપાસ કરશે.

આત્મહત્યાના બનાવને લઇ સમાજ-પરિવારમાં રોષ જોવા મળ્યો હતો. ચોક્કસ યુવક પોલીસ કસ્ટડીમાં ન હતો તેવો પોલીસનો બચાવ છે. પરંતુ પોલીસ સ્ટેશનની અંદર જ આપધાતના બનાવે ભારે ચકચાર સાથે પોલીસની કામગીરી પર સવાલો ઉભા કર્યા છે. ત્યારે જોવુ રહ્યુ કે પોલીસ તપાસમાં શુ ખુલે છે. અને પોલીસ કાર્યવાહી વચ્ચે પરિવાર મૃત્દેહ સ્વીકારે છે. કે નહી જો કે પોલીસ સ્ટેશનની અંદર આપધાતના બનાવની ચર્ચા દિવસભર કચ્છમા અને ખાસ પોલીસ બેડામાં જોવા મળી હતી



## કચ્છભરના તબીબો કોલકાતાની નિર્ભયાને ન્યાય માટે વિરોધમા જોડાયા

### રાપર આઈ.એમ. એ. દ્વારા તબીબોની સલામતી માટે આવેદનપત્ર અપાયું



રાપર તા.૧૭

તાજેતરમાં કોલકાતાની મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે બીજા વર્ષના નિવાસી ડોકટર સાથે ઘાતકી બળાત્કાર અને હત્યાના વિરોધમાં સમગ્ર દેશમાં ડોક્ટરો અને મેડિકલ ક્ષેત્રે સાથે જોડાયેલા કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાઈ છે,તે સંદર્ભે આજે રાપર મામલતદાર કચેરી ખાતે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા પણ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી કે, અમારી દુર્દશાને સરકાર સમક્ષ રજૂ કરીએ છીએ કે, અમો ભયમુક્ત રહી ફરજ બજાવી શકીએ,તાત્કાલિક એફઆઈઆર દાખલ થાય, ડોક્ટરોને સુરક્ષા આપવા તથા કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં ફરજ પર હતી ત્યારે એક મહિલા ડૉક્ટર, બીજા વર્ષની પીજી વિદ્યાર્થીની ક્રૂરતાપૂર્વક હત્યા અને બળાત્કાર કરવામાં આવ્યો હતો, આ જઘન્ય કૃત્યનો છાત્રો વિરોધ કરી રહ્યા હતા, ત્યારે સાતેક હજાર લોકોના ટોળાએ તેમના પર હુમલો કરી મિલકતને નુકસાન પહોંચાડી ગુનાના સ્થળે મહત્વપૂર્ણ પુરાવા ઓને વિકૃત કરવાનો પ્રયાસ કર્યો હતો, તેના વિરોધમાં આઈ.એમ.એ મુખ્યાલયે તેના તમામ સભ્યોને તા.૧૭ ના હડતાળ પર જવા અને તમામ બિન-ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક માટે બંધ કરવા નિર્દેશ આપતા તેમના કોલનું પાલન કરવા બંધાયેલ હોવા છતાં, વાગડ મુશ્કેલ વિસ્તાર અને દૂરદૂરથી આવતા લોકોની સંભવિત મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી, રાપર શાખાએ સેવાઓ ચાલુ રાખવા અને વિરોધને પ્રતીકાત્મક રાખવાનો માનવતા ભર્યો નિર્ણય કર્યો હતો. દરમિયાન તબીબોના સંગઠન દ્વારા આવેદન પત્રમાં સરકાર પાસે માંગ કરી હતી કે, ભાઈચારા પર થતા હુમલાઓ તરત જ અટકે, ભવિષ્યમાં તમામ ડૉક્ટરો ભયમુક્ત વાતાવરણમાં ફરજ બનાવી શકે એવી પરિસ્થિતિ નિર્માણ કરવા સરકાર સમક્ષ રજુઆત કરી હતી. આવેદનપત્ર પાઠવવ સમયે પ્રમુખ ડો.શિવપાલસિંહ રાઠોડ, ડો. દેવેન્દ્ર ગૌસ્વામી, ડો.ધવલ નાંઘા, ડો.કનુજી પરમાર, ડો.રમેશ દોશી, ડો.સંદીપ માલી, ડો.રમેશ ઓઝા, ડો.રાહુલ પ્રસાદ, ડો.રોહિત પંડિત, ડો.માનસી માલી, ડો.નિલેશ પટેલ, ડો.મુંકુંદ ઠક્કર, ચંદ્રેશ દરજી સહિતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા, આવેદનપત્ર નાયબ મામલતદાર શિવા રાજપૂતે સ્વિકાર્યું હતું, જે સરકારને મોકલી આપશે.

### લખપતમાં તબીબો જોડાયા



આજે સમગ્ર દેશમાં તબીબો કોલકાતા ની પીડિતા ને ન્યાય માટે વિરોધ માં ઉતર્યા છે ત્યારે તબીબો ની હડતાલને પગલે લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના તબીબ હડતાલમાં જોડાયા નહોતા જ્યારે તાલુકાના માતાનામઢ,બરંદા, ઘડુલી તેમજ નારાયણ સરોવરના તબીબો હડતાલમાં જોડાયા હતા, સાથે તાલુકા મથક દયાપર ખાતેના ખાનગી તબીબો પૈકી બે ત્રણ તબીબો એ પોતાના દવાખાના ચાલુ રાખ્યા હતા જ્યારે બાકીના મોટા ભાગના ખાનગી તબીબોએ પોતાના દવાખાના બંધ રાખી હડતાલમાં જોડાયા હતા અને ભોગ બનનાર ને ન્યાય મળે તે માટે માંગ કરી હતી જો કે દર્દી ને મુશ્કેલી ના મોટા કેસો કચ્છ માં સામે આવ્યા નથી.

### મુન્દ્રાના તબીબોએ કોલકાતાની ધટનાનો વિરોધ નોંધાવ્યો



મુંદરા તા.૧૭

કોલકાતામાં મેડિકલ કોલેજની છાત્રા પર થયેલ અમાનવીય ક્રુત્યના વિરોધમાં ઈન્ડિયા મેડિકલ એસોસિયેશન દ્વારા હડતાલનુ એલાન અપાયુ છે ત્યારે મુન્દ્રા મધ્યે ૧૦૦ જેટલા શહેર તેમજ તાલુકાના તબીબોએ હડતાલ માં જોડાઈ પ્રાંત કચેરી એ આવેદન પત્ર પાઠવ્યું હતું મુન્દ્રા ડોક્ટર એસોસિયેશનના તબીબોએ શનિવારે શહેરની જનરલ હોસ્પિટલમાં એકત્રિત થયા હતા અને કોલકાતાની એ મહિલા સ્ટુડન્ટની આત્મા ને શાન્તિ મળે એ માટે બે મિનિટ મૌન પાળ્યું હતું. બનાવ અંગે ડોક્ટર એસોસિયેશન ના પ્રમુખ ડૉ કુંદન એ જણાવ્યું હતું કે કોલકાતા ના એ મેડિકલ સ્ટુડન્ટના હત્યારા ને કડક સજા મળે અને પરિવાર ને યોગ્ય ન્યાય મળે એવી માંગ છે. સાથે ઉમેરતા જણાવ્યુ હતુ કે શહેર તેમજ તાલુકા માં ઈમરજન્સી સેવા ચાલુ હતી પરંતુ તે સિવાય તમામ ડોક્ટરો કામકાજ થી વિમુખ રહ્યા હતા અને મુન્દ્રા ની જનરલ હોસ્પિટલ ઈમરજન્સી સિવાય ઓપીડી બંધ રાખી હતી.

### મુન્દ્રામા શાંતિ સભા યોજાઇ



મુંદરા તા.૧૭

કોલકાતા માં મેડિકલ છાત્રા સાથે જગન્ય કૃત્યના વિરોધમા સમગ્ર દેશના ડોક્ટરો વિરોધના ઉતર્યા છે ત્યારે શનિવારે કચ્છના મુન્દ્રામા ડોક્ટર એસોસિયેશન દ્વારા મુન્દ્રાધા જેરામસર તળાવ કિનારે શાંતિ સભા નું આયોજન કરાયું હતું આ સભ માં તબીબો સાથે શહેર ના વિવિધ સામાજિક આગેવાનો બહોળી સંખ્યા માં જોડાયા હતા.અને ધટનાને વખોડી હતી. આજે દિલ્હી ખાતે એઈમ્સ સાથે આરોગ્ય મંત્રીએ બેઠક યોજી હતી જે બાદ સુરક્ષા માટે ખાતરી અપાઇ છે ત્યા બીજી તરફ ડોક્ટરો વિરોધ સાથે પિડીતાને ન્યાય માટે વિરોધ સાથે તેની શાંતિ સભા યોજી ન્યાય માટે આગળ આવી રહ્યા છે

**વોરંટ મેળવી પડાયેલ દરોડામાં ૧.૮૮ લાખ રોકડ રકમ સાથે ૯ ખેલી ઝડપાયા**

## મુંદરામાં ઘરમાં ચાલતા જુગારધામ પર પોલીસ ત્રાટકીઃ ૯ ખેલી ઝડપાયા

મુંદરા તા.૧૭

ટાઉનમાં એક રહેણાંક મકાનમાં ચાલતા જુગાર ધામમાં ત્રાટકી રોકડા રૂ. ૧,૮૮,૪૧૦ સાથે નવ આરોપીને મુંદરા પોલીસે પકડી પાડ્યા હતા.

મુંદરા પોલીસ ઈન્સપેકટર આર. જે.ઠુમર તથા પોલીસ સબ ઈન્સ. વી.એન.ચાવડા સાથે સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ જુગારના કેસો શોધી કાઢવા પ્રયત્નશીલ હતા, તે જ દરમ્યાન એ.એસ.આઈ. દિનેશ ભટ્ટી ને બાતમી મળેલ છે કે, ગુંદી ફળીયા, નવલખા બંગલાની પાસે શૈલેશ વાડીલાલ શાહના કબ્જા ભોગવટા મકાનમાં બહારથી ખેલીઓને રાત્રીના સમયે બોલાવી નાલ ઉઘરાવી ગેરકાયદેસર રીતે ગંજીપાનાનો હાર-જીતનો જુગાર રમાડે છે, જે અંગે ના.પો.અધિકારી ભુજ તરફથી વોરંટ મેળવી, બાતમી આધારે વર્ક આઉટ કરી દરોડો પાડતા શૈલેષ વાડીલાલ શાહ (રહે. ગુંદી ફળીયુ મુંદરા),મુળરાજસિંહ દલપતસિંહ સિસોદિયા (રહે. મૂળ વિજયનગર સાબરકાંઠા હાલે મુંદરા), રામ કરશન ગઢવી (રહે નાના કપાયા), રાજ મનિષ જોષી (રહે મુંદરા), જગદીશસિંહ હઠીસિંહ ચાવડા(રહે નવીનાળ), ભીમસિંહ મેઘરાજજી ચાવડા (રહે નવીનાળ), ભીખુભા રાસુભા જાડેજા (રહે નવીનાળ), કિર્તીભાઇ ધનજી માગલીયા (રહે મુંદરા), અને નરેન્દ્રસિંહ હિમતસિંહ પરમાર(રહે મુંદરા), રોકડા રૂા.૧,૮૮,૪૧૦ તથા મોબાઈલ ફોન નંગ-૭ જેની કિ.રૂ.૩૭,૦૦૦ તથા ગંજીપ ાના નંગ-૫૨, એમ કુલ્લે કિ.રૂા. ૨,૨૫,૪૧૦ મુદ્દામાલ સાથે ઝડપ ાઇ ગયા હતા, મુદ્દામાલ હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરી પી.આઈ. આર.જે.ઠુમર, સબ ઈન્સ. વી.એન.ચાવડા, એ.એસ.આઇ. દિનેશ ભટ્ટી, દેવરાજ ગઢવી, હેડ.કોન્સ. દિનેશ ગોહેલ, મહિપતસિંહ વાઘેલા, વિજય બરબસીયા, પૃથ્વીરાજ ગઢવી, રોહિતગીરી ગુસાઈ, કોન્સ. દિનેશ ઠાકોર, હર્ષદકુમાર રાઠોડ તથા હરપ ાલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

### મહિલા અત્યાચાર ગુનાનો નાસતો ફરતો ઈસમ પકડાયો



ગાંધીધામ તા.૧૭

મહિલા અત્યાચારના ગુના સબબ નાસતા ફરતા આરોપી ને અંજાર પોલીસે ઝડપી પાડ્યો હતો. નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સૂચના અન્વયે અંજાર પી.આઈ. એ.આર.ગોહીલની સુચના આધારે પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો આરોપી હનિફ ઉર્ફે અબાડો અજીજ મમણ(રહે.નાના વરનોરા તા.ભુજ)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ કામગીરીમાં અંજાર પોલીસ ઈન્સપેક્ટર શ્રી ગોહીલ, સબ ઈન્સપેક્ટર જી.ડી.ગઢવી,જે.એસ. ચુડાસમા તથા સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

## ભુજમાં યોજાયેલી શેરી રમતોએ તો બાળપણ યાદ અપાવ્યુ !







**લુપ્ત થતી રમતોનુ આયોજન કરી ફરી જુની રમતો પ્રત્યે બાળકોમાં રૂચી પેદા કરવાનો પ્રયાસ આઈ.જી. ચિરાગ કોરડીયા પણ જુની રમતો રમતા જોવા મળ્યા હતા શેરી રમતોની દેશી ઓલમ્પિકે લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. આગેવાનોએ લેવા પટેલ સમાજની પહેલને બિરદાવી**

ભુજ તા.૧૭

ભારતના ગ્રામ્ય લોકજીવન સાથે જડાયેલી અને હાલ વિલુપ્ત થતી શેરી રમતોના આયોજનથી ભુજનુ લાલજી રૂડા પિંડોરીયા રમતગમત મેદાન ગુંજી ઉઠ્યું હતું.આતશબાજી અને ભાગ લેનારના કૌશલ્યથી જાણે દેશી ઓલમ્પિક ઉત્સવ ચાલી રહ્યો હોય તેવો માહોલ ઉભો થયો હતો. કાર્યક્રમમાં આઈજી કોરડીયાએ જુની રમતોની યાદ ને જીવંત કરવા બદલ કચ્છી લેવા પટેલ સમાજના પ્રયાસને બિરદાવ્યો હતો.મશાલ પ્રાગટ્ય જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી વાઘેલા સહિતના આગેવાનોએ કર્યું હતું. રમતોત્સવ પ્રારંભની જાહેરાત કરતાં અધ્યક્ષ ગોપાલ ગોરસીયાએ જૂની યાદો તાજી કરી હતી. મોભી અરજણ પિંડોરિયા એ પણ મૂળને ન ભૂલવા બાળકોને ટકોર કરી હતી. મોટી ઉંમરના વ્યક્તિઓ પણ જુના દિવસો યાદ કરી આ રમતોમાં જોડાયા હતા. ઈનામ વિતરણ સમારોહમાં કચ્છ બનાસકાંઠા સરહદ રેન્જના આઈજી ચિરાગ કોરડીયાએ પોતાને બચપણ યાદ આવી ગયું એમ કહી સંસ્મરણો વાગોળ્યા હતા એમણે આવા વિશેષ આયોજન માટે ગોપાલ ગોરસીયા,વેલજીભાઈ અને સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા. પ્રારંભે શેરી રમતોના વિચાર બીજ માટે સંસ્થાના પૂર્વ છાત્ર નીતિન કેરાઈ (લંડન ભારાસર) ડેલ્ટા એન્જિનિયરિંગની નોંધ લેવાઈ હતી.સમાજ પ્રમુખ વેલજી પિંડોરિયા, શિવજી છભાડિયા, મંત્રી કરશન મેપાણી,મનજી પિંડોરિયા ,ડૉ. દિનેશ પાંચાણી, રવજી ખેતાણી, હરીશ સૂર્યવંશી, હંસા હરસિયાની ,મનીષા પટેલ, રસિક વેલાણી, સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી ધનસુખ સિયાણીએ રમત-ગમત સાધનો માટે ૧૧ લાખ રૂપિયા જાહેર કર્યા હતા. સમગ્ર આયોજનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર ટ્રસ્ટી વસંત પટેલ ,સંયોજક રામજી સેંઘાણી, આચાર્ય કોમલ ઠક્કર, ભરત જોશી, ગૃહપતિ સચિન વાગડીયા,મેહુલ જોશી, જેતા રબારી, પારસ ચૌધરી, રમેશ રાબડીયાનુ વિશેષ સન્માન કરાયું હતું. વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં વિદ્યાર્થીઓના રમત બાદ વિદ્યાર્થીઓના વાલીઓએ પણ ભાગ લીધો હતો. આ સાથે પોતાના બાળપણના દિવસની યાદગાર ક્ષણો યાદ કરી માણી હતી.

### બાળપણની આ રમતો તમને યાદ છે.?

ગિલ્લી ડંડા, ઠેરી, સોનાનો રૂમાલ , કાંચિકા, સત્તોડીયો સહિતની ૨૧ જેટલી શેરી રમતોને સમાવિષ્ટ કરતો રમતોત્સવ ભુજના લેવા પટેલ મેદાન પર માતૃશ્રી રતનબેન દેવજી વરસાણી કુમાર વિદ્યાલય અને કચ્છી લેવા પટેલ કુમાર વિદ્યાધામના ઉપક્રમે યોજાયો હતો. સવારે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી બી.એમ વાઘેલાએ મશાલ પરેડ શરૂ કરાવતાં કહ્યું કે આ પહેલ દૂર સુધી જશે.હું રાજ્ય સરકાર શિક્ષણ વિભાગમાં પણ આવા આયોજનો માટે પ્રયાસ કરે તે માટે તેઓ યોગ્ય જગ્યાએ વાત પહોંચાડશે જીવન મૂલ્યો માટે પોષક હોવાનું કહી ટીમ સમાજને બિરદાવી હતી. આગેવાનોએ જુની રમતને યાદ કરી જાણે નાનપણમાં સરી ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શેરી રમતોત્સવમાં વિવિધ શેરી રમતો રમાઈ આ શેરી રમતોત્સવમાં સોમ-મંગળ, થમ્સઅપ, બોલ હિટીંગ, લોટ પીપર, ખીચડો, કલર-કલર, ૫-૫ સ્ટોપ, ઢંઢીઘોડી, બોલપાસ, ખારોપટ્ટો, દરિયો-દરિયો, માટલાફોડ, સતોડિયો, ગીલ્લીડંડો, લખોટી, રસ્સાખેંચ, ભમરડો ,પૈડારેસ, સોનાનું રૂમાલ, લંગડી વગેરે જેવી શેરી રમતો રમવામાં આવી હતી

## હજારો શિક્ષકોએ ગાંધીનગરમાં શાંતિપૂર્ણ સત્યાગ્રહ કર્યો




ભુજ તા.૧૭

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા ૧૬ મી ઓગસ્ટના સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર મધ્યે OPS બાબતે મહાધરણા કાર્યક્રમની કરેલ આહવાન ઝીલી હજારોની સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા.

સરકાર સમક્ષ અનેક વખત માંગણીઓ કર્યા બાદ સરકાર અને સંગઠન વચ્ચે થયેલ સમાધાન મુજબ પણ હજુ સુધી OPS બાબતે ઠરાવ ન થતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા મહાઆંદોલન કરવામાં આવેલ હતુ. મુખ્યમંત્રીને પણ આ વિષયે પદાધિકારીઓ દ્વારા રુબરુ મળી શિક્ષકોની લાગણીઓ અને માંગણીઓથી વાકેફ કરાવાશે.

જો વિધાનસભા સત્ર શરુ થાય એ પહેલા આ અંગેનો ઠરાવ નહી થાય તો આગામી સમયમાં સંગઠન વધુ જલદ કાર્યક્રમો કરશે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલની ઉપસ્થિતિમાં બહોળી સંખ્યામાં એકત્રિત થયેલ શિક્ષકોએ બૂઢાપે કી લાઠી રુપ OPS અંગેના સૂત્રોચાર કરી ગુજરાતસરકારનાકાનસુધીઆપ્રશ્ન પહોંચડવાનો પ્રયાસ કરવામાં આવેલ હતો. આજના દિવસનું જે શૈક્ષણિક કાર્ય અધૂરુ રહેલ છે તે માટે વધુ સમય આપી શૈક્ષણિક કાર્ય ભરપાઈ કરી આપવા માટે ઉપસ્થિત શિક્ષકોએ છાવણી ખાતે સંકલ્પ લીધો હતો.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા ગ્રાન્ટેડ માધ્યમિક અધ્યક્ષ અલ્પેશ જાની, ગ્રાન્ટેડ માધ્યમિક ઉપાધ્યક્ષ ચેતન લાખાણી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ કાર્યકારી અધ્યક્ષ ભરત ધરજીયા, મહામંત્રી રમેશ ગાગલ, જિલ્લા પ્રચાર પ્રમુખ મહેશ દેસાઈ, પ્રાથમિક ગ્રાન્ટેડ અધ્યક્ષ કલ્પેશ ચૌધરી, એચ.ટાટ અધ્યક્ષ ભરત ભૂરીયા, સહિતના સંગઠનના વિવિધ હોદેદારો, કારોબારી સભ્યો તેમજ બહોળી સંખ્યામાં શિક્ષક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાઈડ્સ,ગેમીંગ ઝોન પ્રવૃતિની મંજૂરી-લાયસન્સના મેજીસ્ટ્રેટને અધિકાર સોંપાયા

ભુજ તા.૧૭

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ડબલ્યુ) થી કચ્છ જિલ્લામાં એમ્યુઝમેન્ટ રાઈડ્સ/ગેમીંગ ઝોન એક્ટિવિટીઝ અંગેના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે મુજબ એમ્યુઝમેન્ટ રાઈડ્સના ઈન્સ્ટોલેશનની પરમિશન, ઓપરેશન લાયસન્સ તથા ગેમીંગ ઝોન એકિટવીટીઝના લાયસન્સ વિગેરેની કામગીરી જિલ્લા મેજીસ્ટ્રેટ,કચ્છ-ભુજ દ્વારા કરવાની રહે છે.કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ખૂબ જ મોટો હોઈ, સ્થાનિક તાલુકા કક્ષા એ લોકોને વિવિધ સેવાઓ ઝડપથી, સુચારૂપણે અને સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજના અધિકારક્ષેત્ર હેઠ-ળના વિસ્તારમાં આનંદ મેળામાં અથવા તહેવારો દરમિયાન કે અન્ય પ્રસંગોએ કોઈ જગ્યાએ ત્રણ મહિના સુધીના સમયગાળા માટે કામચલાઉ એમ્યુઝમેન્ટ રાઈડ્સ માટે ઈન્સ્ટોલેશન પરમિટ અને ઓપરેશન લાયસન્સ આપવા માટેના અધિકારો જિલ્લા મેજીસ્ટ્રેટ-કચ્છ-ભુજ દ્વારા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓને તેઓના કાર્યક્ષેત્ર પુરતા એનાયત કરવાનો હુકમ કર-ાયો છે.જિલ્લામાં હવે પછી અરજદારો ત્રણ મહિના સુધીના સમયગાળા માટે કામચલાઉ એમ્યુઝમેન્ટ રાઈડ્સ માટે ઈન્સ્ટોલેશન પરમિટ અને ઓપરેશન લાયસન્સ મેળવવા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ શ્રીને અરજી કરવાની રહેશે તથા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ શ્રીઓએ અગાઉ આ અંગેના નોટિફિકેશનથી પ્રસિદ્ધ કરવામાં આવેલ નિયમો મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને આ હુકમનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો

## સાંસદ દ્વારા સરહદે રક્ષા બંધનની આજે ઉજવણી



સરહદના જવાનો ને રક્ષા સ્વરૂપ રાખડી બાધવા સાંસદશ્રી લોક પ્રતિનિધીઓ અબડાસા ભાજપા મંડલ, કચ્છ જીલ્લા ભાજપા મહિલા મોરચાની બહેનો, કચ્છ યુવક સંઘ સંચાલિત બી.બી. એમ હાઈસ્કુલ, ગામ બીદડા, તા.માંડવી ની વિધાર્થીનીઓ તથા અન્ય વિવિધ સંસ્થાઓ ની બહેનો સરહદના સંત્રીઓને રાખડી બાંધી વતન થી દુર આપણી અને માં ભોમ ની રક્ષા કરતા વિર જવાનો ને પ્રેમ અને આશિષ આપશે. દર વર્ષ ની જેમ રક્ષા બંધન તહેવારની વિવિધ સરહદી ચેક પોસ્ટ ઉપર ઉજવણી કરતા સાંસદ તરફ થી આ વખતે અબડાસા તાલુકાનાં જખૌ કોસ્ટલ એરીયામાં સેવા આપતા જવાનો ને રાખડી બાંધી મીઠું મોઢું કરાવી ને ઉત્સવ ની ઉજવણી કરવામાં આવશે તેમ સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યુ હતું.